સુવિચાર
"એ કેવી અજીબ વાત છે કે, આપણે માણસના કામની પ્રશંસા અને કામના માણસની ચાપલૂસી કરતાં હોઈએ છીએ."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૯/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાદ્ધપક્ષ નિમિતે...
સ્પે.દુધપાક
સ્પે.ડ્રાયફ્રુટ બાસુંદી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૨૩૪


## જમીની ખેડૂતો પરેશાન હોય હવે સાગરખેડૂઓની મુશ્કેલી વધી


# જાફરાબાદમાં સુકવેલી મચ્છી પલળી જતાં કરોડો રૂપિયાનું નુકસાન

થોડા દિવસો પહેલા દરિયો ગાંડો થતાં ૩ બોટએ જળ સમાધિ લીધાની ઘટના તાજી હોય અને નવી ઉપાધિ

બુમલા જાતની સુકવેલી મચ્છી જેની કિંમત કરોડો રૂપિયાની છે તે પલળી ગઈ

બુમલા મચ્છીની મોટાપાયે નિકાસ શ્રીલંકા, ચાઈના તરફ થતી હોય છે

રાજ્ય અને કેન્દ્ર સરકારે સાગરખેડૂને થયેલ નુકસાનીનું સર્વે કરી વળતર ચુકવવું જરૂરી



જાફરાબાદ, તા. ૧૫

સિઝનનીપ્રથમશરૂઆતમાં દરિયો ગાંડોતૂર બનતા મધદરિયે ત્રણ બોટએજળસમાધિલીધીહતી.તેગોઝારી ઘટનામાં ૧૧ ખલાસીઓના મૃત્યુ નિપજયાહતાંતેદુઃખદઘટનાબાદધીમે ધીમેસાગરખેડૂઓદરિયોખેડીનેબુમલા નામની મચ્છી લાવીને તેને મજુરોને મંજુરી ચુકવી તે બુમલાને સુકાવવામાં આવેલ. પરંતુ તા. ૧૪/૯/૨૦૨૫ બપોરના ૨:૦૦ વાગ્યાના સમયે અચાનક કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતાઅનેજોતજોતામાંકડાકાભડાકાસાથે ધોધમાર વરસાદ તુટી પડતાં સુકવેલા બુમલા પલળી જતા સાગરખેડૂ ઓને કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડયું છે. વરસાદને કારણે પાયમાલ માચ્છીમારો જાફરાબાદ બંદર એ ગુજરાત રાજયનું સૌથી મોટું બોમ્બે ડગ એટલે (બુમલા) નું ઉત્પાદન કરતું બંદર છે. આ બંદરથી બુમલાના બંડલોવાળી કળતરમાં વીંટી ટ્રકો ભરીને મહારાષ્ટ્ર, શ્રીલંકા, હૈદરાબાદ, ચીન, મધ્યપ્રદેશ, અનેક દેશ–વિદેશમાં આ બોમ્બે ડગ (બુમલા) નામની મચ્છીનુ નિકાસ કરવામાં આવે છે અને આ જાફરાબાદ બંદરથી દર

અનુસંધાન પાના ૬ ઉપર

### ગૃહકંકાસથી જીંદગી ટુંકાવી દીધી

# અમરેલીનાં કેરાળા ગામે સાસુ સાથે માથાકુટ થતાં પરિણીતાએ ઝેર પીધુ

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાનાં કેરાળા ગામે પ્રાથમિક શાળા સામે રહેતા નયનાબેન વિજયભાઈ રંગપરા નામની ૩૬ વર્ષિય પરિણીતાને તેણીની સાસુ સાથે કોઈ વાતમાં માથાકુટ થતા તેણી લાગી આવતાં લાગી આવતા ગતતા. ૧૩ ના રોજ સાંજે ૫ વાગ્યે કેરાળા ગામે ઘંઉમાં નાખવાના ઝેરી ટીકડા પી. જતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.







### મળતીયા એજન્સીને કોન્ટ્રાકટ દેવાની મેલી મુરાદ હોવાનો આક્ષેપ

# અમરેલીમાંથી 'ડોર ટુ ડોર' કચરા કલેકશનનાં ટેન્ડરનાં નિયમો ઘરની ધોરાજી જેવા હોય નારાજગી

**પાલિકાનાં વિપક્ષી નેતાનાં પ્રતિનિધિએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૫

અમરેલી પાલિકા દ્વારા "ડોર ટુ ડોર" કલેકશન કરવા માટેનો કોન્ટ્રાકટ આપવા માટે ટેન્ડર જાહેર કરેલ છે. જેમાં ઘરની ધોરાજી જેવા નિયમો હોવાનો આક્ષેપ કરતો પત્ર પાલિકાનાં વિપક્ષી નેતાનાં પ્રતિનિધિ પ્રહલાદ સોલંકીએ ચીફ ઓફિસરને પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી ન.પા. દ્વારા. પર વિષય મુજબ જે ટેનડર બહાર પાડવામાં આવેલ છે. તે ટેન્ડરમાં સરકારના નિયમ મુજબ એકપણ ટેકનીકલ શરતો સામેલ કરવામાં આવેલ નથી. આ ટેકનીકલ શરતો અમારા વંચાણે આવતા તે રીતે અમરેલી ન.પા. એ શરતો નક્કી કરાયેલ છે. તે શરતોમાં અમને એવું લાગે છે. કે ભાજપ સાશિત અમરેલી ન.પા.ના ચીફ ઓફીસર પોતાની માનીતી એજન્સીને કામ આવે એવી શરતો લેવામાં આવી છે. આવી શરતો ટેન્ડરમાં રાખીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી શહેરની જનતાના ટેક્ષનાં પૈસાનો દુરઉપયોગ થાય તેવું જણાય આવે છે.

વધુમાં જણાવેલ છે કે આવી ટેકનીકલ શરતો ટેન્ડરમાં રાખીને ચીફ ઓફીસર પોતાની માનીતી એજન્સી સાથે મીલીભગ હોય તેવું સ્પષ્ટ થાય છે. અમરેલી શહેરની જનતાને ખોટા બીલો બનાવી લુંટવાનું કામ કરતા હોય તેવું સાબીત થાય છે.

આ કામમાં તા. ૧૧/૯/૨૦૨૫ થી તા. ૧૬/૯/૨૦૨૫ સુધીનું ટેન્ડર ભરવાનો સમયગાળો દર્શાવેલ છે. આ ટુંકા સમયગાળામાં સાબીત થાય છે કે બીજી કોઈ એજન્સીઓ ન આવી શકે તેવા નિતિ નિયમો રાખી સરકાર વિરૂધ્ધનું કામ કરવામાં આવ્યું છે.

વધુમાં જણાવેલ છે કે અમરેલી શહેરનાં હિત માટે વિપક્ષ તરીકે

અનુસંધાન પાના ૬ ઉપર












### જશવંતગઢ ગામનાં યુવકે નવો ધંધો શરૂ કર્યો

# રોકડા રૂપિયા મેળવી ઓનલાઈન ટ્રાન્સફર કરવાનું કહી છેતરપીંડી કરનાર શખ્સ ઝડપાયો

### એસપીની સુચનાથી બગસરા પોલીસે યુવકને ઝડપી લીધો



અમરેલી, તા. ૧૫

અમરેલી જીલ્લામાં છેલ્લા થોડા સમયથી સાયબર ક્રાઈમના ગુન્હાઓમાં વધારો થતાં પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનતા ઠગાઈ–છેતરપિંડી, સાયબર ક્રાઈમના ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલહતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ બગસરા ગામે આવેલ નટવરનગર, સીદ્દકી મસ્જીદ પાસે રહેતા હંમદનદીમ હુસેનભાઈ ચાનીયા નામના ૩૦ વર્ષિય યુવક ગત તા. ૯/૮ના રોજ બગસરા ગામે આવેલ આઈસીઆઈસીઆઈ બેન્કના એ.ટી.એમ.માં પોતે રોકડ રકમ જમા કરાવવા ગયેલ હતા. તે દરમ્યાન તે એ.ટી.એમ.માં એક અજાણ્યો ઈસમ આવીને જણાવેલ કે હું મારૂ એટીએમ કાર્ડ ઘરે ભૂલી ગયો છું તમે રોકડા પૈસા મને આપી દયો, હું તમને ફોન–પે એપ્લિકેશનથી તમારા ખાતામાં પૈસા જમા કરાવી દઉ છું. તેમ કહી આ અજાણ્યા ઈસમે યુવક પાસેથી પૈસા લઈ લીધા બાદ આરોપીએ ખોટી ફોન–પે એપ્લિકેશન મારફતે ખોટો સ્ક્રીનશોટ બનાવી યુવકને બતાવી પૈસા રોકડ રકમ રૂપિયા ૫૦૦૦ લઈને ઝડપથી નાસી જઈ યુવક સાથે ઠગાઈ–છેતરપિંડી કરી ગુન્હો આચરેલ હતો. જે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. બગસરા પોલીસના પી.આઈ. ગીડા દ્વારા તપાસ હાથ ધરવામાં આવતાં આ બનાવમાં અમરેલી તાલુકાના જસવંતગઢ (ચિતલ) ગામે રહેતા આરોપી સંદીપ ચંદુભાઈ આલગીયાને એક મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીસી–૫૮૭૦, એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન તથા રોકડ રકમ રૂપિયા ૨૦૦૦ સાથે બગસરા પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ઝડપાયેલ આરોપીની પોલીસે આગવી ઢબે પુછપરછ કરતાં આશરે એકાદ મહિના પહેલા બગસરા ટાઉનમાં આવેલ આઈસીઆસીઆઈ બેન્કના એટીએમમાં એક વ્યકિત સાથે રૂા. ૫૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હોવાની કબુલાત આપી હતી.

આશરે દસેક દિવસ પહેલા રાજુલામાં આવેલ એસબીઆઈ બેન્કના એ.ટી.એમ.માં એક વ્યકિત સાથે રૂપિયા ૧૫,૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે એકાદ મહિના પહેલા બગસરામાં આવેલ આઈસીઆઈસીઆઈ બેન્કના એ.ટી.એમ.માં આશરે વીસેક વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૬૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે એકાદ મહિના પહેલા બગસરામાં આવેલ એકિસસ બેન્કના એટીએમમાં આશરે ત્રીસ વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૫૫૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે બે મહિના પહેલા અમરેલી ટાઉનમાં આવેલ એસબીઆઈ બેન્કના એ.ટી.એમ.માં આશરે વીસેક વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૯૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આજથી આશરે દોઢેક મહિના પહેલા ધારી ટાઉનમાં આવેલ એચડીએફસી બેન્કના એ.ટી.એમ.માં આશરે ત્રીસેક વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૫૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે એકાદ મહિના પહેલા ઉના ટાઉનમાં આવેલ એસબીઆઈ બેન્કના એ.ટી.એમ.માં આશરે પચ્ચીસ વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૫૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે બે મહિના પહેલા ઢસા ટાઉનમાં આવેલ એસબીઆઈ બેન્કના એ.ટી.એમ.માં આશરે પાંત્રીસ વર્ષના અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૫૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે ત્રણેક મહિના પહેલા સુરતના કામરેજ વિસ્તારમાં આવેલ એસબીઆઈ બેન્કના એ.ટી.એમ.માં આશરે પચ્ચીસ વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૫૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હતી.

આશરે ત્રણેક મહિના પહેલા સુરતના યોગી ચોકમાં સાવલિયા સર્કલ ખાતે આવેલ એસબીઆઈ બેન્કના એટીએમમાં આશરે પચ્ચીસ વર્ષના એક અજાણ્યા વ્યકિત સાથે રૂપિયા ૬૦૦૦ની ખોટી ફોન–પે એપ્લિકેશનથી છેતરપિંડી કરેલ હોવાની કબુલાત આપી હતી.

### લાયસન્સ વગરનો સંગ્રહ હોવાથી

# સાવરકુંડલા ખાતે સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા ૧૮ હજારના ફટાકડા ઝડપાયા

### ફાયર સેફટીનાં સાધનો વગર સંગ્રહ કર્યો હતો



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં આગામી દિવાળીના ત્યૌહારને લઈને પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ત્યારે સાવરકુંડલા ગામે રહેતા એક વેપારીએ ગેરકાયદે રીતે અને લાયસન્સ વગર અને સુરક્ષા નિયમોનો ભંગ કરીને સ્ફોટક પદાર્થ ફટાકડાનો સંગ્રહ કર્યો હતો. ગઈકાલે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ આ બનાવમાં વેપારી સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડામાં રૂપિયા ૧૮,૦૬૦ના ફટાકડા જપ્ત કરવામાં આવ્યા હતા.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં આગામી દિવાળીના ત્યૌહારને લઈને પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ત્યારે સાવરકુંડલા ગામે રહેતા સંદીપભાઈ પરમાણંદભાઈ ખંધેડિયા નામના વેપારીએ ગેરકાયદે રીતે અને લાયસન્સ વગર અને સુરક્ષા નિયમોનો ભંગ કરીને સ્ફોટક પદાર્થ ફટાકડાનો સંગ્રહ કર્યો હતો.

ગઈકાલે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)એ આ બનાવમાં વેપારી સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડામાં રૂપિયા ૧૮,૦૬૦ના ફટાકડા જપ્ત કરવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે, આ ફટાકડાનો જથ્થો ફાયર સેફટી સાધનો વગર સંગ્રહિત કરવામાં આવ્યો હતો, જેના કારણે માનવજીવનને મોટું જોખમ ઊભું થયું હતું.

આ કાર્યવાહી અમરેલી જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. એસઓજી ટીમે સ્થાનિક સ્તરે મળેલી ચોક્કસ માહિતીના આધારે દરોડો પાડયો હતો. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે આરોપી સંદીપભાઈ પરમાણંદભાઈ ખંધેડિયાએ લાયસન્સ વગર અને સુરક્ષા નિયમોનો ભંગ કરીને ફટાકડાનો સંગ્રહ કર્યો હતો. પોલીસે તેની સામે એક્સપ્લોઝિવ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ માટે આરોપીને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આ સફળ કામગીરીમાં સાવરકુંડલા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.ડી. ચૌધરી, યુવરાજસિંહ સરવૈયા, પ્રવીણસિંહ ચૌહાણ અને સુરેશભાઈ ચૌહાણ સહિતના પોલીસ કર્મચારીઓનો મહત્વનો ફાળો રહ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આવી કાર્યવાહી આવતા દિવસોમાં વધુ કડકાઈથી ચાલુ રહેશે જેથી દિવાળી દરમ્યાન ગેરકાયદે ફટાકડાનો સંગ્રહ અને વેચાણ પર રોક લાગી શકે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

### રોકડ અને દાગીના મળી

# જાફરાબાદ શહેરમાં રહેણાંક મકાનમાંથી ૧.૫૦ લાખની ચોરી

### સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૫

જાફરાબાદ ગામે આવેલ ભુતડાદાદાના મંદિર પાસેની બાલકૃષ્ણ સોસાયટી, પીપળીકાંઠા વિસ્તારમાં રહેતા રમીલાબેન રાજેશભાઈ સોલંકી નામની ૩૦ વર્ષિય મહિલાના ખુલ્લાં ઘરમાથી ગત તા. ૧૭/૮/૨૫ થી તા. ૧૯/૮/૨૫ ના સાંજના ૪ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ઘરમાં પતરાના ટંકમા રાખેલા સોનાના દાગીનામાં એક સોનાનો ચેઈન જેની સાથે ગણપતી વાળુ પેન્ડલ નંગ–૧ જે આશરે દોઢ તોલાનો તથા એક સોનાનું મંગળસુત્ર જે આશરે બે તોલાનું, એક સોનાના કાનની સરની જોડી જે આશરે એક તોલાની મળી ત્રણેય સોનાના દાગીનાની આશરે કિંમત રૂપિયા ૧,૩૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦ની મત્તાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# પુંજાપાદરના માલધારીઓએ ગૌચરની જમીનમાં વૃક્ષો ન વાવવા માંગ કરી






લીલીયા, તા. ૧૫

લીલીયા તાલુકાના પૂજાપાદર ગામે ગૌચરની જમીનમાં આડેધડ વૃક્ષો ન વાવવા બાબત મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદન પત્ર પાઠવ્યું જે આવેદનપત્રમાં જણાવેલ કે પુંજાપાદર ગામનો માલધારી સમાજ પૂજાપાદર ગામે ગૌચરની થોડીક જ જમીન વધેલ છે. જેમાં પશુઓ ઊભા રહે છે તેમજ થોડો ઘણો ચારો પશુઓને મળે છે પરંતુ હાલમાં સદભાવના ટ્રસ્ટ દ્વારા ગૌચરમાં આડેધડ વૃક્ષ વાવી રહેલ છે. તો આ કાર્યક્રમને અટકાવવા બાબત જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદી, કોંગ્રેસ અગ્રણી રમેશભાઈ પરમાર, ભુપતભાઈ પટોળીયા, વિજય કોગથિયાની આગેવાનીમાં ગૌચર બચાવોના નારા સાથે તાલુકા વિકાસ અધિકારી તેમજ મામલતદાર લીલીયાને આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરવામાં આવેલ છે.

### ઈમરજન્સીમાં દર્દીઓ લઈ આવવામાં પરેશાની

# બાબરાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આડેધડ પાર્ક થતાં વાહનોથી પરેશાની

### હોસ્પિટલ દ્વારા ચોકીદારની નિમણૂંક થાય તે જરૂરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫


બાબરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોટાભાગના ગામોના દર્દીઓ સારવાર લેવા માટે તો સાથે સાથે શહેરના દર્દી પણ મોટી સંખ્યામાં સરકારી હોસ્પિટલમાં આવે છે.

જેને લઈને રોજ હોસ્પિટલમાં ટ્રાફિક જોવા મળે છે. હોસ્પિટલના પટાંગણમાં મોટી સંખ્યામાં બાઈકો આડેધડ પાર્ક કરી દેવામાં આવે છે. જેના કારણે ઈમરજન્સી કેસો લઈને આવતી એમ્બ્યુલન્સ ૧૦૮ અને પ્રાઈવેટ વાહનોને ભારે મુશ્કેલી સામનો કરવો પડે છે.

હોસ્પિટલમાં ઈમરજન્સી કેસ લઈ ને આવતા વાહનના ચાલકને નીચે ઉતરી પાર્ક કરેલા બાઈકોના માલિકને ગોતવા પડે અને બાદમાં આ રસ્તો કલીયર થાય છે.

હોસ્પિટલમાં કોઈ ચોકીદાર કે સીકયુરિટી રાખી દવાખાને આવતા વાહન ચાલકોને વ્યવસ્થિત વાહનો પાર્ક કરવામાં આવે તો આ દરરોજનો પ્રશ્ન હલ થાય છે.

# સાવરકુંડલા : કબીર ટેકરી ખાતે સાહિત્યિક ગોષ્ઠિ યોજાઈ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા ખાતે કબીર ટેકરી આશ્રમ ખાતે કબીર ટેકરી મહંત નારાયણદાસની અધ્યક્ષતામાં સાહિત્ય ગોષ્ઠિ યોજાઈ હતી. જેનો હેતુ સાહિત્યના માધ્યમ દ્વારા સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓને આગળ વધારવા ગોષ્ઠિ કરવામાં આવી હતી. જેમાં રવજીભાઈ કાચા, મંગળુભાઈ ખુમાણ, વાસુદેવભાઈ સોઢા, મયુરભાઈ દવે, નાથાલાલ ત્રિવેદી, સુધીરભાઈ મહેતા, મનીષભાઈ વિંઝુડા, યશભાઈ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પશુપાલક પશુ ચરાવી રહ્યા હોય તે સમયે

# સાવરકુંડલાનાં જેજાદ ગામનાં સીમ વિસ્તારમાં યુવક ઉપર સિંહણનો હુમલો

### અન્ય પશુપાલકોએ યુવકને બચાવી લીધો



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં સૌથી વધુ એશિયાટિક સિંહ વસવાટ કરતાં હોય ત્યારે જિલ્લામાં કોઈના કોઈ વિસ્તાર સિંહના હુમલાઓ કરવાની ઘટનાઓ સામે આવે છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામે રહેતા એક યુવક ગામની નજીક સીમ વિસ્તારમાં નાના ઈરીયા હનુમાનજી આશ્રમની ગાયો ગૌચરમાં ચરાવવા જતા એક યુવક ઉપર સિંહણે અચાનક જ હુમલો કરી દેતા ગભરાયેલા યુવકે રાડારાડ કરી મુકતા અન્ય પશુપાલકો દોડી આવતાં સિંહણના પંજામાંથી યુવકને બચાવી લીધો હતો. પરંતુ આ સિંહણના હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામે રહેતા ઓમગીરી ઈરગીરી ગોસાઈ નામના માલધારી જેજાદ ગામની નજીક સીમ વિસ્તારમાં આવેલ નાના ઈરીયા હનુમાનજી આશ્રમની ગાયો ગૌચરમાં ચરાવતા હતા. ગાયઓ ચરાવી રહેલા આ યુવક ઉપર સિંહણે અચાનક જ હુમલો કરી દેતા આ ગભરાયેલા યુવકે રાડારાડ કરી મુકતા અન્ય પશુપાલકો દોડી આવતાં અને હાકલા પડકારા કરી અને સિંહણના પંજામાંથી યુવકને બચાવી લીધો હતો. પરંતુ આ સિંહણના હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

### માનવ વસાહતમાં ફફડાટ ફેલાવતી ઘટના

# ચલાલાનાં મીઠાપુર નજીક આવેલ રહેણાંક મકાનમાં વાછરડાનો શિકાર કરતો દીપડો

### સરસિયા રેન્જ વિભાગે દીપડાનુ રેસ્કયુ કર્યુ





અમરેલી, તા. ૧૫

ધારી તાલુકા ચલાલા નજીક મીઠાપુર રોડ ઉપર એક આવેલ રહેણાંક મકાનના ફળિયામાં બાંધેલ એક વાછરડાનો દીપડાએ શિકાર કર્યો હતો. આ બનાવની જાણ ધારી ગીર પૂર્વ સરસિયા રેન્જ વનવિભાગની ટીમ દ્વારા ઘટના સ્થળ પર પાંજરૂ ગોઠવી દીપડાનું રેસ્કયુ ઓપરેશન કરી દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોના ટોળા જોવા ઉમટી પડયા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકા ચલાલા નજીક મીઠાપુર રોડ ઉપર રહેતા રમેશભાઈ વાઘાણીના રહેણાંક મકાનમાં મોડી રાત્રે એક ખૂંખાર દીપડો ઘુસી ગયો હતો અને ફળિયામાં બાંધેલ એક વાછરડાનો દીપડાએ શિકાર કર્યો હતો.

આ બનાવની જાણ ધારી ગીર પૂર્વ સરસિયા રેન્જ વનવિભાગની ટીમને કરવામાં આવતાં વનવિભાગ દ્વારા ઘટના સ્થળ પર પાંજરૂ ગોઠવી દીપડાનું રેસ્કયુ ઓપરેશન કરી દીપડાને પાંજરે પુરતા સ્થાનિકોએ લીધો રાહતનો ાસ જયારે લોકો દીપડાને જોવા ઉમટી પડયા હતા.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરા : ઇંગોરાળા ગામે દેવીપુજકનાં રહેણાંક ઝુપડા સળગાવનાર ૨ શખ્સો ઝડપાયા

### બંને આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ એ.એમ. દેસાઈની સુચનાથી બાબરા પોલીસ સ્ટેશનના ઈંગોરાળા ગામે દેવીપજુકના રહેણાંકના ઝુપડા કોઈ અજાણ્યા ઈસમે આગ ચાંપી સળગાવી દઈ નુકસાની કરેલ હોય જે અંગે બાબરા પોલીસ સ્ટેશનામા ગુન્હો રજી થયેલ હોય. આ કામે ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી બાબરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા માહીતી મેળવી આગ લગાડનાર રાજુભાઈ કુડેચા અને કિશોરભાઈ મકવાણાની અટકાયત કરવામાં આવી છે.

### ભાવનગર–સોમનાથ હાઈવે બન્યો બિસ્માર

# રાજુલાના હિંડોરણા બ્રિજ ઉપર હાઈવેમાં લોખંડનાં સળિયા દેખાતા વાહનચાલકોમાં નારાજગી

### નેશનલ હાઈવે વિભાગ સમસ્યાનું કરે નિરાકરણ





અમરેલી, તા. ૧૫

ભાવનગર–સોમનાથ હાઈવેમાં હિંડોરણા નજીક આવેલ પુલમાં સળિયા દેખાતાં વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહયા હોય. હાઈવે વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે. એક તરફ ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો અને બીજી તરફ અમરેલી જિલ્લા સહિત ઠેક ઠેકાણે બિસ્માર માર્ગોને લઈને વાહનચાલકોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહયો હોય મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીએ માર્ગ બનાવવામાં થતાં ભ્રષ્ટાચારને કડક હાથે ડામી દેવો જોઈએ તેવી માંગ વાહન ચાલકો કરી રહયા છે.

### વક્ફ કરવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામ ફોલો કરવું જરૂરી નહીં

# વક્ફ એક્ટ અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો, ૩થી વધુ બિન મુસ્લિમ સભ્યો નહીં હોય

### કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેમનો આ આદેશ વક્ફ એક્ટની કાયદેસરતા પર અંતિમ અભિપ્રાય નથી અને સંપત્તિના રજીસ્ટ્રેશન સંબંધિત જોગવાઈમાં કોઈ ભૂલ નથી

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે વક્ફ (સંશોધન) અધિનિયમ ૨૦૨૫ના કાયદેસરતાને પડકારતી અરજીઓ પર ચુકાદો આપતા કાયદાની કેટલીક જોગવાઈઓ પર પ્રતિબંધ લગાવ્યો છે, કોર્ટે અત્યારે તે જોગવાઈ પર પ્રતિબંધ લગાવ્યો છે, જેમાં વક્ફ બોર્ડના સભ્ય બનવા માટે ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવાની શરત રાખવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે આ સંબંધમાં યોગ્ય નિયમ બનાવવા સુધી આ જોગવાઈ લાગૂ થશે નહીં. સુપ્રીમ કોર્ટે સોમવાર (૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫) ના કહ્યું કે કલેક્ટર વક્ફ જમીન વિવાદનું સમાધાન ન કરી શકે, આવા મામલા ટ્રિબ્યૂનલમાં જવા જોઈએ. કોર્ટે વક્ફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોની સંખ્યા પણ સીમિત કરવાનું કહ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્ય વક્ફ બોર્ડ અને કેન્દ્રીય વક્ફ પરિષદમાં બિન-મુસ્લિમોની સંખ્યા ત્રણથી વધુ ન હોઈ શકે.

અમે દરેક કલમ સામેના પ્રથમ દૃષ્ટિએ પડકારનો વિચાર કર્યો છે અને જાણવા મળ્યું છે કે સમગ્ર કાયદાને રોકવા માટે કોઈ કેસ બનાવવામાં આવ્યો નથી. વક્ફ બોર્ડની રચના પર ટિપ્પણી કરતા કોહ્યું કે બોર્ડમાં વધુમાં વધુ ત્રણ સભ્યો બિન-મુસ્લિમ હોઈ શકે છે, એટલે કે ૧૧માંથી બહુમત મુસ્લિમ સમુદાયમાંથી હોવો જોઈએ. સાથે જ્યાં સુધી સંભવ હોય બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) પણ મુસ્લિમ હોવા જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેમનો આ આદેશ વક્ફ એક્ટની કાયદેસરતા પર અંતિમ અભિપ્રાય નથી અને સંપત્તિના રજીસ્ટ્રેશન સંબંધિત જોગવાઈમાં કોઈ ભૂલ નથી.

મુખ્ય વાંધો કલમ 3(r), 3(c), 3(d), ૭ અને ૮ સહિતની કેટલીક કલમો પર હતો. આમાંથી, કોર્ટે કલમ 3(r) ની જોગવાઈ પર રોક લગાવી દીધી હતી, જેમાં વક્ફ બોર્ડના સભ્ય બનવા માટે પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરવાની શરત રાખવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે જ્યાં સુધી સરકાર આ અંગે સ્પષ્ટ નિયમ ન બનાવે ત્યાં સુધી આ જોગવાઈ લાગુ કરવામાં આવશે નહીં, અન્યથા તે મનસ્વી સાબિત થઈ શકે છે.

કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કલેક્ટર અથવા એક્ઝિક્યુટિવને મિલકતના અધિકારો નક્કી કરવાની મંજૂરી આપવી એ સત્તાના વિભાજનની વિરુદ્ધ છે. કોર્ટે નિર્દેશ આપ્યો કે જ્યાં સુધી કલમ 3(c) હેઠળ વક્ફ મિલકતની માલિકી અંગે અંતિમ નિર્ણય વક્ફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ દ્વારા લેવામાં ન આવે ત્યાં સુધી, ન તો વક્ફ મિલકતમાંથી ખાલી કરવામાં આવશે કે ન તો મહેસૂલ રેકોર્ડ સાથે ચેડા કરવામાં આવશે. ઉપરાંત, આ સમય દરમિયાન, કોઈ તૃતીય પક્ષ અધિકારો બનાવવામાં આવશે નહીં.

### SIT રિપોર્ટ રજૂ થયા બાદ સુપ્રીમ કોર્ટની ક્લિનચિટ

# વનતારા કાયદાનું પાલન કરે છે, તેને કલંકિત ન કરો

### આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે ૨૫ ઓગસ્ટના રોજ જામનગર સ્થિત વનતારા પ્રાણી પુનર્વસન કેન્દ્ર સામે ઉઠેલા ગંભીર આક્ષેપોની તપાસ કરવાના હેતુથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી હતી. વનતારા સામેના આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા. જો કે, એસઆઈટી રિપોર્ટ આવતા જ સુપ્રીમ કોર્ટે આ તમામ આરોપો ફગાવીને વનતારાને ક્લિનચિટ આપી છે. એટલું જ નહીં, આ આક્ષેપો કરનારાની પણ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ પ્રસન્ના વરાલેની બેન્ચે ઝાટકણી કાઢી હતી.

વનતારા સામે પશુ-પક્ષીઓની ગેરકાયદે હેરાફેરી તેમજ હાથીઓને ગેરકાયદે રીતે ગોંધી રાખવાના આરોપ સામે તપાસની માગ કરાઈ હતી. જો કે, વનતારા સામે વિવિધ ફરિયાદો બાદ હાથ ધરાયેલી તપાસમાં SIT એ તમામ મુદ્દાની વિગતવાર સમીક્ષા કરી હતી. આ તપાસને અંતે રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે, વનતારામાં કોઈપણ પ્રાણીઓને ગેરકાયદે લવાયા નથી, તેમની સાથે દુર્વ્યવહાર કરાતો નથી અને તેઓ સામે ભ્રષ્ટાચારના પણ કોઈ પુરાવા નથી. આ ટીમે સ્પષ્ટ કર્યું છે કે, વનતારાની પ્રવૃત્તિ કાયદા અને નિયમોના કડક પાલન સાથે ચાલે છે અને તે મુખ્યત્વે પ્રાણીઓના સંરક્ષણ, બચાવ તથા પુનર્વસન માટે જ કાર્યરત છે.આ દરમિયાન જસ્ટિસ પંકજ મિત્તલ અને પ્રસન્ના વરાલેએ ઓછા સમયમાં રિપોર્ટ આપનારી એસઆઈટીના વખાણ કર્યા હતા. એટલું જ નહીં, વનતારા તરફથી હાજર રહેલા સીનિયર એડવોકેટ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમે ઈચ્છીએ છીએ કે આ રિપોર્ટ જાહેર થાય. દુનિયામાં અનેક લોકો અમારી સાથે વ્યવસાયિક હરીફાઈ કરે છે, જેથી આ મુદ્દાનો દુરુપયોગ થઈ શકે છે. SITનો રિપોર્ટ રજૂ થયા બાદ સોમવારે સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, વનતારા 'કાયદાનું સંપૂર્ણ પાલન કરતી' સંસ્થા છે. આ સાથે કોર્ટે ચેતવણી પણ આપી છે કે, માત્ર શંકા કે પુરાવા વગરના આક્ષેપોને આધારે કોઈ સંસ્થાની પ્રતિષ્ઠાને કલંકિત કરવી યોગ્ય નથી. આવા દાવા વન્યજીવન રક્ષણ અને પ્રાણી કલ્યાણ માટેના સાચા પ્રયાસોને હાનિ પહોંચાડી શકે છે.

આ દરમિયાન કોર્ટે જણાવ્યું છે કે, ભવિષ્યમાં પ્રાણીઓ સંબંધિત આ સ્થિતિ ઉપર નજર રખાશે, પરંતુ હાલ તો વનતારા કાયદાકીય અને નૈતિક ધોરણોને અનુરૂપ કાર્યરત હોવાથી તેને બદનામ ન કરવી જોઈએ.

આ સુનાવણીમાં અરજદારે મંદિરના હાથીઓનો મુદ્દો ઉઠાવીને પણ વનતારા પર વિવિધ આક્ષેપ કર્યા હતા. આ અંગે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, 'તમને કેવી રીતે જાણ થઈ કે મંદિરના હાથીઓને સારી રીતે નથી રખાતા. આપણા દેશમાં અનેક બાબતો છે, જેના પર ગર્વ થઈ શકે. તેને કારણ વિનાના વિવાદોમાં ના ઢસડો. જો કોઈ હાથીઓ રાખવા ઈચ્છે છે અને નિયમોનું પાલન કરે છે, તેમાં ખોટું શું છે? નોંધનીય છે કે, આ કેસની તપાસ કરવા માટે રચાયેલી એસઆઈટીમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જે. ચેલામેશ્વર, ઉત્તરાખંડ અને તેલંગાણા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રાઘવેન્દ્ર ચૌહાણ અને મુંબઈ પૂર્વ પોલીસ કમિશનર હેમંત નાગરાલે તેમજ વરિષ્ઠ આઈઆરએસ અધિકારી અનિશ ગુપ્તા સામેલ હતા.

### એક તરફ વિચરતી જાતિ vs ST, બીજી બાજુ મરાઠા vs OBC

# મહારાષ્ટ્રની ફડણવીસ સરકાર અનામતના સંઘર્ષમાં ફસાઈ

### મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું છે કે, મરાઠા ક્વોટા સંબંધિત સરકારી આદેશ OBCના અધિકારોને અસર કરશે નહીં

મુંબઈ, તા.૧૫

મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગે પાટિલ દ્વારા તાજેતરમાં કરાયેલા ભૂખ હડતાળ પછી મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠાઓને અનામત આપવા માટે જાહેર કરાયેલા સરકારી આદેશ (GR) પર રાજકારણ ગરમાયું છે. એક તરફ રાજ્યના અન્ય પછાત વર્ગ (OBC), અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) જૂથોએ મરાઠા અનામત માટે હૈદરાબાદ ગઝટ પર સરકારી આદેશ જાહેર કરવા પર ચિંતા વ્યક્ત કરી છે, તો બીજી તરફ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, મરાઠા ક્વોટા સંબંધિત સરકારી આદેશ OBCના અધિકારોને અસર કરશે નહીં. તેમણે એ પણ સંકેત આપ્યો છે કે આ લડાઈ આટલી જલ્દી સમાપ્ત થવાની નથી. અહેવાલો અનુસાર, આ મહિનાની શરૂઆતમાં જાહેર કરાયેલા સરકારી આદેશ પરના વિવાદો વચ્ચે મરાઠા અને OBC સમુદાયમાં સંઘર્ષ વધવાની ધમકીઓ વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે મહારાષ્ટ્ર સરકાર પર સામાજિક માળખાને નબળો પાડવા અને સમાજમાં વિભાજન વધારવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, મુખ્યમંત્રી ફડણવીસે પણ મરાઠા અનામતના સંવેદનશીલ મુદ્દા પર વધતા વિભાજનને સ્વીકાર્યું અને રવિવારે બંને સમુદાયોના નેતાઓને આ મુદ્દા વિશે સાચી હકીકતો લોકો સમક્ષ રજૂ કરવા અપીલ કરી હતી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, મરાઠા ક્વોટા અંગે જારી કરાયેલા સરકારી આદેશ (GR) અન્ય ઓબીસીના અધિકારોને અસર કરશે નહીં અને આ શ્રેણી માટેનો લાભ બનાવટી વ્યક્તિઓને મળશે નહીં. મહારાષ્ટ્ર સરકાર ઓબીસી અને મરાઠા સહિત તમામ સમુદાયોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. આ મુદ્દા પર અતિશય રાજકારણ કરવામાં આવી રહ્યું છે અને એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે કે ઓબીસી અનામત સમાપ્ત થઈ ગયું છે. આ ઓબીસી વિદ્યાર્થીઓની માનસિકતાને અસર કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, સરકારી આદેશ જાહેર થયાના થોડા અઠવાડિયા પછી ઘણાં ઓબીસી, આદિવાસી અને બંજારા સંગઠનોએ સરકારને આ આદેશ પાછો ખેંચવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવાની ચેતવણી આપી છે. વિવિધ જાતિ જૂથોએ દલીલ કરી છે કે મરાઠા સમુદાયના સભ્યોને ઓબીસી કુણબી જાતિ પ્રમાણપત્રો મેળવવાની મંજૂરી આપવા માટે હૈદરાબાદ ગઝટ લાગુ કરવાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો પર અસર પડશે.બંજાર સંગઠન ગોર સેનાના પ્રમુખ સંદેશ ચૌહાણે કહ્યું કે, અમને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવ્યા હતા અને હૈદરાબાદમાં અમને અનામત મળે છે. અમે ઈચ્છીએ છીએ કે અમારા સમાન અધિકારો અહીં પણ પુનઃસ્થાપિત થાય.

ધારાશિવના ૩૨ વર્ષીય બંજારાના સ્નાતકએ શનિવારે અનામતની માંગણી કરતા આત્મહત્યા કરી હતી અને અનુસૂચિત જનજાતિ અનામતની માંગણી પાછળ એક નોંધ છોડી દીધી હતી. નોંધનીય છે કે, ૧૧મી સપ્ટેમ્બરથી બંજાર સમુદાયના લોકો જાલના કલેક્ટર ઓફિસની બહાર અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર બેઠા છે, જ્યારે આ સમુદાયના વરિષ્ઠ નેતા હરિભાઉ રાઠોડે સોમવારે જાલના અને બીડમાં કૂચ કાઢવાની જાહેરાત કરી છે.

### બિહારમાં મોદીએ ઉઠાવ્યો ડેમોગ્રાફીનો મુદ્દો

# ઘૂસણખોરોને બચાવે છે કોંગ્રેસ અને RJDના નેતાઓ

### પૂર્ણિયાથી જાહેર સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને કહ્યું હતું કે, ઘૂસણખોરોને કોંગ્રેસ અને RJDના નેતાઓ બચાવે છે

પટણા, તા.૧૫

બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડેમોગ્રાફીનો મુદ્દો ઉઠાવ્યો છે. વડાપ્રધાન મોદીએ આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) પૂર્ણિયાથી રાષ્ટ્રીય જનતા દળ(RJD) અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. જાહેર સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને કહ્યું હતું કે, ઘૂસણખોરોને કોંગ્રેસ અને RJDના નેતાઓ બચાવે છે. જે કોઈ ઘૂસણખોર છે તેને બહાર જવું પડશે. જેમાં ઘૂસણખોરીને રોકવાની RJDની દ્રઢ જવાબદારી છે. જે નેતાઓ ઘૂસણખોરો માટે મેદાનમાં છે, તેઓ ગમે તેટલા પ્રયત્નો કરે પરંતુ ઘૂસણખોરોએ બહાર જવું પડશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતમાં ભારતનો કાયદો ચાલશે, ઘૂસણખોરોની મનમાની ચાલશે નહીં. ઘૂસણખોરી સામે એક્શન લેવાશે અને દેશ તેનું યોગ્ય પરિણામ જોશે. કોંગ્રેસ અને RJDએ બિહારના સન્માન સાથે-સાથે બિહારની અસ્મિતાને પણ જોખમમાં નાખી છે. જેમાં બિહાર, બંગાળ, આસામ સહિત અનેક રાજ્યના લોકો પોતાની બહેન-દીકરીની સુરક્ષાને લઈને ચિંતામાં છે. એટલા માટે મેં લાલ કિલ્લાથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી છે. ઘૂસણખોરોને બચાવનારાને લઈને વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વોટ બેંક માટે કોંગ્રેસ, RJD અને તેની ઈકોસિસ્ટમના લોકો ઘૂસણખોરોની હિમાયત કરવામાં, તેમને બચાવવામાં અને બેશરમીથી વિદેશથી આવેલા ઘૂસણખોરોને બચાવવા માટે સૂત્રોચ્ચાર કરીને યાત્રાઓનું આયોજન કરવામાં વ્યસ્ત હોય છે. આ લોકો બિહાર અને દેશના સંસાધનો અને સુરક્ષા બંનેને દાવ પર લગાવવા માગે છે.

### અન્ય ૭ નદીમાં તણાયા; ૩ના મોત

# અકસ્માતમાં મૃત્યુ પામેલા ૭ લોકોના અંતિમ સંસ્કારમાં ફરીવાર દુર્ઘટના

### અંતિમ સંસ્કારમાં આવેલા ગ્રામજનો અને પરિવારજનો ખારી નદીમાં નહાવા ગયા હતા ત્યારે ૭ લોકો તણાયા હતા

જયપુર, તા.૧૫

જયપુરના ભીલવાડાના શાહપુરા પંચાયત સમિતિના ફૂલિયા કલા ગામમાં આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) મોટી દુર્ઘટના સર્જાઈ હતી.જેમાં જયપુર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સાત લોકોના અંતિમ સંસ્કારમાં આવેલા ગ્રામજનો અને પરિવારજનો ખારી નદીમાં નહાવા ગયા હતા. આ દરમિયાન ૭ લોકો નદીના પાણીના પ્રવાહમાં તણાયા હતા. જેમાં ૩ લોકોના મોત નીપજ્યા છે.મળતી માહિતી મુજબ, જયપુરના શિવદાસપુરામાં ગત ૧૪ સપ્ટેમ્બરે એક કાર અકસ્માતમાં એક જ પરિવારના સાત લોકોના મોત નીપજ્યું હતા. જેમાં ફૂલિયા કલા ગામના અશોક વૈષ્ણવ, તેમની પત્ની સીમા દેવી, પુત્ર રોહિત સહિત કુલ સાત લોકોના મૃત્યુ થયા હતા. આજે સોમવારે સવારે મૃતકોના અંતિમ સંસ્કાર માટે ઘાનેશ્વર રોડ સ્થિત સ્મશાન ઘાટ લઈ ગયા હતા. અંતિમ સંસ્કાર પછી, પરિવાર અને ગ્રામજનો ખારી નદી પાસે નહાવા ગયા હતા. આ દરમિયાન વિજય પ્રતાપ સિંહ (ઉં.વ.૩૦), મુકેશ ગોસ્વામી (ઉં.વ.૨૫), મહેન્દ્ર માલી (ઉં.વ.૨૫), બરડી ચંદ (ઉં.વ.૩૪), મહેશ (ઉં.વ.૩૨), રાકેશ (ઉં.વ.૨૮) અને જીવરાજ (ઉં.વ.૩૦) નદીમાં ડૂબ્યા હતા. જેને લઈને ગ્રામજનોએ તાત્કાલિક રાકેશ, જીવરાજ, વિજય પ્રતાપ સિંહ અને મુકેશ ગોસ્વામીને બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ ગયા હતા. તેમાંથી ત્રણને ગંભીર હાલતમાં શાહપુરા જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં મહેન્દ્ર માલી અને બરડી ચંદ સહિત ત્રણના ડૂબવાથી મૃત્યુ નીપજ્યું છે. સમગ્ર ઘટનાની જાણ થતાંની સાથે જિલ્લા કલેક્ટર, એસપી અને સાંસદ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સતત બીજા દિવસે બનેલી આ દુર્ઘટનાને કારણે ગામમાં શોક છવાયો છે.

### રાજકીય ખળભળાટ મચી ગયો

# ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા બળવો કરનાર ૯ ઉમેદવારો સસ્પેન્ડ

### ચૂંટણીમાં ભાજપ વર્સિસ ભાજપનો ઘાટ સર્જાયો હતો

ભરૂચ, તા.૧૫

ભરૂચમાં દુધધારા ડેરીની ચૂંટણીને લઈને ભાજપમાં આંતરિક ઘમાસાણ ચરમસીમાએ છે. પ્રદેશ ભાજપ દ્વારા આપવામાં આવેલા મેન્ડેટને સર્વોપરી માનવાનો પ્રયાસ કરાય છે. પરંતુ કેટલાક નેતાઓએ ભાજપ હાઈકમાન્ડના આ પ્રયત્નો પર પાણી ફેરવી દીધું છે. મેન્ડેટ વિરુદ્ધ ભાજપના આગેવાનો સામસામે મેદાનમાં જોવા મળશે. ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ વર્સિસ ભાજપનો ઘાટ સર્જાયો હતો, જેથી ભાજપ મેન્ડેટ સામે બળવો કરનાર ૯ નેતાઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે. ભરૂચની દૂધધારા ડેરીમાં પક્ષના મેરિટ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવનાર ૯ લોકોને ભાજપે સસ્પેન્ડ કરી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભરૂચની દુધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ મેન્ડેટ સામે બળવો કરનાર ઉમેદવારો સામે ભારતીય જનતા પાર્ટીના મોવડીઓએ લાલ આંખ કરી છે. આ સસ્પેન્શનથી ધારાસભ્ય અરૂણસિંહ રણાને મોટો ફટકો પડ્યો છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ અરૂણસિંહ રાણાની પેનલના ૬ અને નર્મદા ૩ ઉમેદવારોને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ બાબતે ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ પણ લાલ આંખ કરી છે અને દુધધારાની ચૂંટણી લઈ નેતાઓ પર પ્રહાર કરતા જણાવ્યું કે, જે આ થઈ રહ્યું છે એ ઘણું ખોટું થઈ રહ્યું છે. આવનારા દિવસો માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીને મોટો ફટકો પડશે. જોકે આ બાબતે ભરૂચ નર્મદાના સંકલનને સાથે રાખી આ મેન્ડેટ અંગે ચર્ચા કરવામાં આવી હોત તો આ વિવાદ જ ન થાત. પરંતુ આ કોઈના મહત્વકાંક્ષાને કારણે પ્રદેશને ગેરમાર્ગે દોરી છે. પ્રદેશને ખબર ન હોઈ કે કોણ ભાજપના છે અને કોણ નહિ. પરંતુ મેન્ડેટ આપ્યા પછી પ્રદેશને ખબર પડી કે આમાં કેટલાક લોકો કોંગ્રેસના છે અને મેન્ડેટ આપ્યા પછી ચિન્હ બદલવામાં આવ્યા. આ પ્રક્રિયા જે થઈ એ તદ્દન ખોટી થઈ છે અને આ પાર્ટીને ભવિષ્યમાં મોટું નુકસાન થવા જઈ રહ્યું છે. જો મેન્ડેટ આપવામાં આવ્યા તો ચિન્હ કેમ બદલવામાં આવ્યા. કારણ કે આ બિલકુલ ખોટું થઈ રહ્યું છે.આમ આ મુદ્દે સાંસદે ભાજપના જ નેતાઓને આડે હાથે લઈ પોતાનો રોષ ઠાલવ્યો હતો. તો બીજી બાજુ અરૂણસિંહ રણા પણ આ પેનલને લઈ પ્રથમવાર મીડિયા સામે પ્રતિક્રિયા આપી અને એમને પણ પોતાનો રોષ ઠાલવ્યો.દૂધધારા ચૂંટણીમાં ધારાસભ્યની પેનલ સામે ભાજપ દ્વારા સસ્પેન્સનનો મામલે ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, સહકાર ક્ષેત્રમાં ભાજપ દ્વારા પાટીલ સાહેબના નેતૃત્વમાં મેન્ડેટ આપવા માર્ગ મોકળો કર્યો હતો. સહકારી ક્ષેત્રમાં સૌથી વધુ સંસ્થાઓ ભાજપના કાર્યકરો દ્વારા વહીવટ થાય છે. ભાજપનો મેન્ડેટનો ભંગ કરીને ઉભા રહેનાર સામે શિક્ષાત્મક પગલાં લીધાં છે. પ્રદેશ અધ્યક્ષ સાથે ચર્ચા કરી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### ૩ મહિના બાદ પણ ઘરે પરત નથી ફર્યો

# હજુ પણ આઘાતમાં છે અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલો વિશ્વાસ કુમાર

### તેના પરિવારે કહ્યું કે કદાચ તે હવે ક્યારેય પોતાના ઘર બ્રિટનમાં પરત ફરી શકશે નહીં, તે હજુ ગભરાયેલો છે

અમદાવાદ, તા.૧૫

૧૨ જૂન, ૨૦૨૫ના અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાને ત્રણ મહિના થઈ ગયા છે. આ દુર્ઘટનામાં માત્ર એક વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. તેના પરિવારે કહ્યું કે કદાચ તે હવે ક્યારેય પોતાના ઘર બ્રિટનમાં પરત ફરી શકશે નહીં. તે હજુ ગભરાયેલો છે. આવો જાણીએ તેનું કારણ શું છે.

અમદાવાદમાં ૧૨ જૂને બપોરે એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. આ વિમાનમાં સવાર ૨૬૧માથી માત્ર એક વ્યક્તિનો જીવ બચ્યો હતો. બ્રિટનમાં રહેતા અને મૂળ દીવના વિશ્વાસ કુમાર રમેશનો આબાદ બચાવ થયો હતો. ધ સનના રિપોર્ટ પ્રમાણે વિશ્વાસની પત્ની હરલ અને ચાર વર્ષનો પુત્ર દુર્ઘટના બાદ ભારત આવ્યા હતા, પરંતુ હવે તે બ્રિટન પરત ફરી ગયા છે.

વિશ્વાસના સંબંધીએ કહ્યું કે તે આઘાતમાં છે અને તેને આશા નથી કે તે હવે લંડન કે લીસેસ્ટર સ્થિત પોતાના પારિવારિક ઘરમાં તેની સાથે રહેશે. તેમણે મેલ ઓન સંડેને જણાવ્યું: મને લાગે છે કે અત્યારે તે ત્યાં (દીવ) રોકાશે કારણ કે તે ફરીથી વિમાનમાં ચઢવાથી ખૂબ ડરશે.

એક યુએસ કાયદાકીય ફર્મ હવે દાવો કરી રહી છે કે પાણીના લીકેજ પછી ઈલેક્ટ્રિકલ નિષ્ફળતા ક્રેશનું કારણ બની શકે છે, પાઈલટની ભૂલ નહીં. બીસ્લી એલનના માઈક એન્ડ્રૂઝ દાવો કરે છે કે ક્રેશના થોડા મહિના પહેલા, યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને ૭૮૭ વિમાનોમાં પાણી લીકેજના અહેવાલો પ્રકાશિત કર્યા હતા. તેમણે કહ્યું કે રમેશે એ પણ વર્ણવ્યું હતું કે કેબિન લાઈટ કેવી રીતે ઝબકતી હતી - સંભવતઃ ઈલેક્ટ્રિકલ સમસ્યાનો સંકેત આપે છે.રમેશ પોતાની સીટ 11A પર સવારી કરી રહ્યો હતો. જ્યારે ગેટવિક જતી ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ થઈ તો મેઘાણીનગરમાં ક્રેશ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં એકમાત્ર બચી ગયેલા વિશ્વાસ કુમાર રમેશના ભાઈ અજયનું પણ મોત થયું હતું.

# આતંકીઓ કાશ્મીરના જંગલોમાં છૂપાવા માટે બંકરો બનાવી રહ્યા છે

શ્રીનગર, તા.૧૫

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ પોતાની રણનીતિ બદલી છે, અત્યાર સુધી આતંકવાદીઓ સ્થાનિકોના ઘરોમાં છુપાઈને રહેતા હતા જોકે હવે જંગલોમાં અન્ડરગ્રાઉન્ડ બંકરો બનાવી રહ્યા છે. આતંકીઓ ગાઢ જંગલોમાં આ બંકરો બનાવી રહ્યા હોવાનો ખુલાસો અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. તાજેતરમાં આતંકીઓના એન્કાઉન્ટર સ્થળેથી રસોઈ બનાવવા માટેના વાસણ, ગેસ સ્ટવ વગેરે મળી આવ્યા હતા. ગત સપ્તાહે જ કુલગામ જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં બે આતંકીઓ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. આ દરમિયાન સૈન્યએ તપાસ કરતા આતંકીઓના છુપાવાના સ્થળેથી હથિયારો અને વિસ્ફોટક સામગ્રીઓની સાથે સાથે રાશન, ગેસ સ્ટવ, પ્રેશર કૂકર પણ મળી આવ્યા હતા. એક વરીષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આતંકીઓ હવે જંગલોમાં અત્યંત અંતરિયાળ વિસ્તારોમાં પોતાના છુપાવા માટે બંકરો બનાવી રહ્યા છે જ્યાં દૈનિક જરૂરિયાની સુવિધાઓ રાખતા હોવાનું પણ સામે આવ્યું છે. અગાઉ આતંકીઓ સ્થાનિક લોકોના ઘરોમાં શરણ લેતા હતા. નિવૃત ડીજીપી બી શ્રીનિવાસ કે જેમણે જમ્મુ કાશ્મીર પોલીસમાં ત્રણ દસકા સુધી કામ કર્યું છે તેમણે જણાવ્યું હતું કે સ્થાનિકો પાસે શરણ લેવી આતંકીઓ માટે હવે મુશ્કેલ થઈ રહ્યું છે જેને કારણે જંગલોમાં બંકરો તૈયાર કરી રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીરના પૂંચ વિસ્તારમાં ત્રણ આતંકીઓ ભારે હથિયારો સાથે ઝડપાયા હતા. જે પણ લોકોની ધરપકડ કરવામાં આવી તેઓ હિઝબુલ મુજાહિદ્દીન સાથે સંકળાયેલા છે. ઝડપાયેલા આતંકીઓના નામ રિયાઝ અહેમદ, તારિક શેખ અને મોહમ્મદ શાફી છે. અહમદ અને શેખ બન્નેની પાસેથી બે એકે અસોલ્ટ રાઈફલ્સ મળી આવી હતી. જ્યારે શાફીની ધરપકડ કરાઈ તે બાદ વધુ કાર્યવાહીમાં અન્ય હથિયારો ઝડપાયા હતા. સરહદી વિસ્તારમાં આતંકી હુમલાનું મોટું કાવતરુ હોવાની અધિકારીઓને શંકા છે. જેના આધારે હાલ આ મામલે વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

# આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે

નવી દિલ્હી, તા.૧૫

ટ્રેનની મુસાફરી કરવા માટે એડવાન્સમાં એટલે કે ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવનારાઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભારતીય રેલવેએ ટિકિટ બુકિંગમાં થતી ગેરરીતિઓને અટકાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. આ મુજબ આગામી મહિનાની પહેલી તારીખથી ઓનલાઈન ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મહત્ત્વનો ફેરફાર થવા જઈ રહ્યો છે.પહેલી ઓક્ટોબરથી લાગુ થનાર નવા નિયમ મુજબ રિઝર્વેશન ખુલ્યાની શરૂઆતની ૧૫ મિનિટમાં માત્ર આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે. એટલે કે આ દરમિયાન જેનું આધાર વેરિફિકેશન થયેલું હશે તેઓને જ ૧૫ મિનિટમાં તેનો લાભ મળશે. આ નિયમ IRCTCની વેબસાઈટ અને મોબાઈલ એપ બંને પર લાગુ થશે. અત્યાર સુધી આવો નિયમ માત્ર તત્કાલ બુકિંગ પર લાગુ હતો, જોકે હવે સામાન્ય રિઝર્વ ટિકિટ પર પણ લાગુ થશે. રેલવેનો ઉદ્દેશ્ય ટિકિટ રિઝર્વેશન સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો અને જરૂરિયાતવાળા મુસાફરોને પ્રાથમિકતા આપવાનો છે. આ નિર્ણયથી ટિકિટ મેળવવાનો પ્રયાસ કરનારા મુસાફરોને સીધો ફાયદો થશે અને દલાલો-બ્રોકર્સ દ્વારા ટિકિટ બ્લોક કરવાના પ્રયાસો અટકી જશે. આ નિર્ણયથી ટિકિટ બુકિંગ શરૂ થતાં જ તરત ટિકિટ મેળવવાનો પ્રયાસ કરતા મુસાફરોને સીધો ફાયદો થશે, કારણ કે દલાલો કે બ્રોકર્સ દ્વારા ટિકિટ બ્લોક કરવાનો પ્રયાસ અટકશે.

રેલવે અધિકારીઓએ સ્પષ્ટ કહ્યું છે કે, નવો નિયમ માત્ર ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે જ છે. કમ્પ્યુટરાઈઝ્ડ પીએસઆર (PRS) કાઉન્ટર પરથી ટિકિટ લેનારાઓ માટે સમય કે પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેવી જ રીતે, ટિકિટ આપતા અધિકૃત એજન્ટો માટે પહેલાથી લાગુ ૧૦ મિનિટનો નિયમ યથાવત્ રહેશે.

### ૨૦ હજાર લોકોએ રાતોરાત ગાઝા છોડ્યું

# ઈઝરાયલ મોટો હુમલો કરે તેવો ફફડાટ; અનેકના મોત

### ઈઝરાયલે ગાઝામાં સૈનિકોની સંખ્યા વધારી દીધી છે, તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે

ગાઝા, તા.૧૫

કતારમાં ૫૦ મુસ્લિમ દેશના નેતાઓ વચ્ચે બેઠક ચાલી રહી છે. આ બેઠક વચ્ચે ઈઝરાયલ ગાઝા પર સતત હુમલાઓ કરી રહ્યું છે. આ હુમલાના ભયમાં ગઈકાલે રાત્રે આશરે ૨૦,૦૦૦ લોકોએ ગાઝામાંથી પલાયન કર્યું હતું. મોટી સંખ્યામાં લોકો પોતાના બિસ્તરાં-પોટલા બાંધી દેશ છોડી રહ્યા છે. કોઈ પગપાળા, તો કોઈ ગાડીમાં સામાન ભરી પલાયન કરી રહ્યા છે. ઈઝરાયલે ગાઝામાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈઝરાયલે આજે સવારે કરેલા હુમલામાં ગાઝાના ૨૮ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના આ હુમલાઓના કારણે ગાઝામાં ભયનો માહોલ વધ્યો છે. વધુમાં નજીકના ભવિષ્યમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરની કોઈ અપેક્ષા જોવા ન મળતાં ગાઝાવાસીઓ ભયભીત બન્યા છે. ઈઝરાયલે કતારમાં પણ હુમલો કરી દેતાં સ્થિતિ વધુ વણસી છે. વધુમાં ઈઝરાયલે ગાઝાવાસીઓને સ્થળ ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું હોવાથી મોટો હુમલો થવાનો ફફડાટ વધ્યો છે.

ઈઝરાયલ હમાસમાં એક-પછી-એક હુમલા કરી રહ્યું છે. ગાઝાના લોકો માટે ભોજન પ્રદાન કરતા કેમ્પને પણ નષ્ટ કર્યા છે. તેની આ અડોડાઈને ધ્યાનમાં લેતાં દોહામાં ઈઝરાયલ વિરૂદ્ધ પ્રસ્તાવ રજૂ કરવાની વિચારણા થઈ રહી છે.

તદુપરાંત મુસ્લિમ દેશોની એકતા પણ આ મંચ પરથી વિશ્વ સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ ઈઝરાયલ ટસનું મસ થઈ રહ્યું નથી. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું હતું કે, તે ગાઝામાં સક્રિય એક-એક આતંકવાદીનો ખાતમો બોલાવશે. ગાઝામાં રહેતાં લોકોને અહીંથી નીકળી જવા એલર્ટ આપ્યું છે. ગાઝામાં કુલ ૧૦ લાખથી વધુ લોકો વસે છે. જેમાંથી ૨-૩ લાખ લોકોએ પલાયન કર્યું છે. ઈઝરાયલે ચેતાવણી આપી છે કે, ગાઝામાં રહેતાં લોકો દક્ષિણ હિસ્સામાં જઈ આશરો લઈ શકે છે. પરંતુ ત્યાં વસતાં તમામ લોકોમાં ભયનો માહોલ વધ્યો છે. તેઓ કોઈપણ વિસ્તારને સુરક્ષિત માની રહ્યા નથી. ઈઝરાયલે અપેક્ષાકૃત શાંતિપૂર્વ વિસ્તાર વેસ્ટ બેંકમાં પણ હુમલાઓ વધાર્યા છે. તદ્દુપરાંત વેસ્ટ બેંકના તુબાસ, નાબલુસ અને ઉત્તરીય વેસ્ટ બેંકમાં પણ હુમલા કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે, એક બાજુ મુસ્લિમ દેશોની કતારમાં સમિટ ચાલી રહી છે, તો બીજી બાજુ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ઈઝરાયલમાં છે. તેમણે નેતન્યાહૂ સાથે આશરે ૩ કલાક બેઠક કરી હતી. એક ઈઝરાયલ અને ૫૦ દેશ નામની આ સમિટમાં નેતન્યાહૂ હાજરી આપવાના છે.

### ટ્રેડ ડીલ પર ચર્ચા માટે ટ્રમ્પની ખાસ ટીમ દિલ્હીમાં

# ટેરિફ મુદ્દે ભારત-અમેરિકા વચ્ચે સમાધાનની સંભાવના

## સરકારી અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકાના વાર્તાકાર અને નેગોશિએટર ભારત પહોંચી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૫

ભારત અને અમેરિકા વચ્ચે ફરી વેપાર કરાર મુદ્દે ચર્ચાઓ શરૂ થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકાના અધિકારીઓની ટીમ આજે ૧૫ સપ્ટેમ્બરે સોમવારે રાત્રે ભારત આવી રહ્યા છે. તેઓ ક્યાં મુદ્દે ચર્ચાઓ કરવાના છે, તેની હાલ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

એક સરકારી અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકાના વાર્તાકાર અને નેગોશિએટર ભારત પહોંચી રહ્યા છે. આવતીકાલે મંગળવારે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મુદ્દે ચર્ચા થવાની છે. ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ મુદ્દે પણ ચર્ચા થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહને અનેક અમેરિકન સાંસદો સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો મુદ્દે ચર્ચા કરી હતી. તેમણે ગત શુક્રવારે ટ્વિટરના માધ્યમથી આ અંગે માહિતી આપી હતી. પ્રતિનિધિ સભાના સભ્ય જેમ્સ મોયલાને ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર અને ઉર્જા સહયોગમાં તાજેતરના ઘટનાક્રમો પર માહિતી આપવાની તક મળી હતી. તેમણે જણાવ્યું કે, અમે હિંદ-પેસેફિક ક્ષેત્રમાં અંગત હિતો મુદ્દે વિચારણા કરી છે. વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી યુક્રેન સંઘર્ષના સમાધાન માટે ભારતના સમર્થનની વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો. આ સાથે અમેરિકા ભારત પાસેથી ૫૦ ટકા ટેરિફ વસૂલે છે. આ ટેરિફના કારણે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર તણાવ વધ્યો છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી ટ્રેડ ડીલ પણ અટવાઈ હતી. પરંતુ હવે ટ્રમ્પની ટીમની ભારત મુલાકાત વેપાર કરાર મુદ્દે સકારાત્મક સંકેતો આપી રહી છે. ઉલ્લેખનીય છે, કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોના ભોગે અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવા માગતી નથી.

મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ સહિત વેપાર કરતાં S7 દેશો વિરૂદ્ધ આકરૂ વલણ દર્શાવ્યું છે. અમેરિકાએ ભારપૂર્વક કહ્યું હતું કે, માત્ર એકીકૃત પ્રયાસથી જ મોસ્કોના યુદ્ધ મશીનને ફંડિંગ કરતા સ્રોત બંધ કરી શકાશે. અમેરિકાના નાણા મંત્રી સ્કૉટ બેસેન્ટ અને વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન ગ્રીરે શુક્રવારે જી૭ના નાણા મંત્રીઓ સાથે વાતચીત કરી ટ્રમ્પની અપીલ વિશે માહિતી આપી હતી.

ટ્રમ્પે આ દેશોને રશિયા સાથે ક્રૂડ વેપાર ન કરવા અપીલ કરી છે. તેમજ ક્રૂડ વેપાર કરનારા દેશો પર ટેરિફ લાદવાની ચીમકી પણ આપી છે.

### IMDએ આપ્યું ઓરેન્જ એલર્ટ

# મુંબઈમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી

## મુંબઈ-આસપાસના થાણે અને રાયગઢ જિલ્લામાં વરસાદ

મુંબઈ, તા.૧૫

દેશમાં ચોમાસુ તેના અંત તરફ છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. જો કે હવે આ રાજ્યોમાં વરસાદ બંધ થવા લાગ્યો છે. જોકે, IMD ચેતવણી મુજબ, દેશભરના વિવિધ રાજ્યોમાં પરિસ્થિતિ સમાન નથી. મુંબઈમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

સોમવાર સવારથી મુંબઈ અને આસપાસના થાણે અને રાયગઢ જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આ જિલ્લાઓ માટે ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે શહેરના ઘણા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા કલાકોમાં આ જિલ્લાઓમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. IMD એ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકવાની પણ આગાહી કરી છે. આ વાવાઝોડા જેવી સ્થિતિમાં હવામાન વિભાગે લોકોને સાવધાન રહેવાની અપીલ કરી છે.

દરમિયાન, ટેકનિકલ ખામીને કારણે મોનોરેલ સેવા પણ ખોરવાઈ ગઈ છે. થોડા અઠવાડિયા પહેલા, ટેકનિકલ ખામી અને વરસાદને કારણે મોનોરેલ એલિવેટેડ ટ્રેક પર ફસાઈ ગઈ હતી. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (અઠાવલે) ના વોર્ડ ૧૭૫ કાઉન્સિલર રાજેશ આનંદ ભોજનેએ જણાવ્યું હતું કે, 'વડાલા જતી ટ્રેનને અસર થઈ હતી. રોને ચેમ્બુરથી આવતી ટ્રેનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. બાદમાં ટેકનિકલ ટીમે આવીને કામ શરૂ કર્યું હતું. મોનોરેલના અધિકારીઓ કહી રહ્યા છે કે તે સપ્લાય સમસ્યા હતી. તેમણે સરકારને આ વારંવાર થતી સમસ્યાનો ઉકેલ લાવવા વિનંતી કરી છે.

### શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો

# રાજ્યભરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

## માર્કેટમાં મહિલાઓ આવે છે, ૧૦૦ રૂપિયા કિલો ભાવ જોતાં માત્ર ૨૫૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ શાકની ખરીદી કરે છે

અમદાવાદ, તા.૧૫

શાકભાજી માર્કેટને મોટું ગ્રહણ લાગ્યું છે. અમદાવાદમાં શાકમાર્કેટમાં અચાનક ગ્રાહકોની ભીડ ઓછી થવા લાગી છે, જેની પાછળનું કારણ એ છે કે શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક સમયે ૨૦ રૂપિયા કિલો મળતું શાક તો ૧૨૦ રૂપિયા કિલો મળવા લાગે તો શું થાય? માર્કેટમાં ઘરાકી ઓછી અને વેપારીઓને તંગદિલી જોવા મળે. આવો જ ઘાટ સર્જાયો છે અમદાવાદના શાકમાર્કેટમાં. માર્કેટમાં મહિલાઓ આવે છે, શાકના ભાવ પૂછે છે અને પછી ૧૦૦ રૂપિયા કિલો ભાવ જોતાં માત્ર ૨૫૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ શાકની ખરીદી કરે છે. અમદાવાદમાં શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો છે. રીંગણા, ચોળી, પાપડી, તુવેર, ગુવાર જેવાં શાકભાજીના ભાવ ૧૦૦ રૂપિયાથી વધારે છે, જેને કારણે લોકોનાં બજેટ પર અસર પડી રહી છે.

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫: ચોળી ૨૦૦ રૂપિયા કિલો, કોબીજ ૬૦ કિલો, ફુલાવર ૧૨૦ રૂપિયા કિલો, ભીંડા ૮૦ રૂપિયા કિલો, ગુવાર ૧૫૦ રૂપિયા કિલો, પરવળ ૧૨૦ રૂપિયા કિલો, તુરિયા ૧૦૦ રૂપિયા કિલો, દૂધી ૭૦ રૂપિયા કિલો, પાપડી ૧૫૦ રૂપિયા કિલો, રીંગણા ૧૦૦ રૂપિયા કિલો, કારેલાં ૮૦ રૂપિયા કિલો, ટિંડોળા ૨૪૦ રૂપિયા કિલો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫, જ્યારે એક મહિના પહેલાં આ જ શાકના ભાવ: ચોળી ૬૦ રૂપિયા કિલો, કોબીજ ૨૦ રૂપિયા કિલો, ફુલાવર ૬૦ રૂપિયા કિલો, ભીંડા ૬૦ રૂપિયા કિલો, ગુવાર ૬૦ રૂપિયા કિલો, પરવળ ૮૦ રૂપિયા કિલો, તુરિયા ૫૦ રૂપિયા કિલો, દૂધી ૪૦ રૂપિયા કિલો, પાપડી ૭૦ રૂપિયા કિલો, રીંગણા ૪૦ રૂપિયા કિલો, કારેલાં ૪૦ રૂપિયા કિલો, ટિંડોળા ૧૦૦ રૂપિયા કિલો.વેપારીઓનું કહેવું છે કે. ભારે વરસાદના કારણે માલની આવક ઓછી થઈ અને તેને લઈને ભાવમાં મોટો વધારો છે. ગૃહિણીઓને આશા છે કે શિયાળા સુધી અમદાવાદમાં શાકભાજીના ભાવ ઘટી જશે. જ્યારે વેપારીઓના મતે વરસાદની સ્થિતિ નબળી પડતાં ધીમે ધીમે ભાવમાં ફરક આવતાં નવરાત્રિ સુધી ભાવ ઘટવાની આશા છે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય આયોજન

# વડાપ્રધાન મોદીના ૭૫માં જન્મ દિવસે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે

## ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે, તમામ કેમ્પનું પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે

અમદાવાદ, તા.૧૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસે અમદાવાદના આંગણે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાવાનો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સૌથી મોટો મેગા રક્તદાન કેમ્પ યોજાશે. જેમાં ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે.

આ વિશે માહિતી આપતા કાર્યક્રમના આયોજક મુકેશ ગુગલીયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે વિશ્વનો સૌથી મોટો રક્તદાન કેમ્પ યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે **Mega Blood Donation Drive** – રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦ નું આયોજન કરાયું છે. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા આ આયોજન કરાશે. અખિલ ભારતીય તેરાપંથના ૬૨ વર્ષ પૂર્ણ થતાં અને ૬૨માં વર્ષમાં પ્રવેશ અને એ જ દિવસે પ્રધાનમંત્રીનો જન્મ દિવસનો સમન્વય જેની ભવ્ય ઉજવણી કરાશે. કાર્યક્રમમાં ૫૦ થી વધુ સંસ્થાઓ જોડાશે.

તો અન્ય આયોજક રાજેશ સુરાણાએ કહ્યું કે, પીએમ મોદીના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. તમામ કેમ્પનું પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર કેમ્પમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મંત્રી હાજર રહેશે. આ દિવસે ૩ લાખ યુનિટ કલેક્ટ થાય તેવો લક્ષ્યાંક છે.

કાર્યક્રમની માહિતી

૭૫ દેશોમાં બ્લડ ડોનેશન કાર્યક્રમ, ૭૫૦૦ થી વધુ કેમ્પ, ૭૫ હજાર યુવાનો, ૪ હજાર બ્લડ બેંક, ૫ હજાર ડોક્ટર, ૨૫૦૦ ટેક્નિશિયન, ૧ લાખ સ્વયંસેવક, ૩ લાખ રક્તદાતા જોડાશે,૭૫ દેશોમાં યોજાશે કેમ્પ.

આ મેગા રક્તદામ કેમ્પ ૭૫ દેશોમાં યોજાશે. જેમાં નેપાળ, શ્રીલંકા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુકે સહિતના દેશમાં કેમ્પ યોજાશે. કેમ્પમાં ભાગ લેવા લોકોએ **https://amd.abtypmbdf.org/mbdd/register** પર નોંધણી કરવાની રહેશે. કેમ્પ યોજનાર સંસ્થા ૨૦૧૪ માં સૌથી મોટા રક્તદાન માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂકી છે. ૨૦૨૦ કોરોના સમયે ૩ હજારથી વધુ પ્લાઝમા એકત્ર કરવામાં એશિયા અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ નોંધાવ્યો છે. ૨૦૨૨માં બ્રિટિશ સંસદ ખાતે ૬૧૪૯ બ્લડ કેમ્પ કરી એક દિવસમાં ૨.૫ લાખ યુનિટ બ્લડ એકત્ર કરી ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં સંસ્થાએ ૧૦ લાખથી વધુ યુનિટ બ્લડ એકત્ર કર્યુ છે. આ ઉપરાંત લોકોમાં જાગૃતિ આવે માટે તે માટે ૧૪ સપ્ટેમ્બરે સાયકલોથોન, મેરેથોન અને વોકાથોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કાર્યક્રમમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશન, ગુજરાત યુનિવર્સિટી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ૭૬૩૬, ફર્, છહ્નહ્ર્, ભારતીય જનતા યુવા મોરચા સહિત વિવિધ સંસ્થા જોડાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રધાનમંત્રીના ૭૫ માં જન્મદિવસ પર ઓછામાં ઓછી ૭૫ હજાર બ્લડ યુનિટ એકત્ર થાય તેવો અંદાજ છે.

કાર્યક્રમમાં ધ્યાન રાખવા જેવી બાબત

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧ નંબર ગેટ પરથી જનરલ એન્ટ્રી. ૨ અને ૩ પરથી કાર અને વાહન જઈ શકશે અને ૪ નંબર ગેટ પરથી **vvip** એન્ટ્રી રહેશે સ્ટેડિયમ ખાતે **amc** અને હોસ્પિટલ અને એમ્બ્યુલન્સ સહિતની પણ વ્યવસ્થા રહેશે મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે માં આમંત્રણ વગર લોકો એકત્ર થાય તેના કરતાં વધુ લોકો બ્લડ કેમ્પમાં આવે તેવો આયોજકોનો લોકોને આગ્રહ કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરતમંદ ને પહોંચાડવામાં અને મદદ કરવામાં આવશે તો બીજી તરફ, સુરત પશ્ચિમ વિધાનસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરાશે. આ વિશે માહિતી આપતા સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ જણાવ્યું કે, સુરતમાં પીએમ મોદીના જન્મ દિવસની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરવામાં આવશે. છેલ્લા ૫ વર્ષથી આ પ્રકારની ડિસ્કાઉન્ટ ઓફર એક દિવસ માટે અપાય છે. જેમાં હોસ્પિટલ, ઈલેક્ટ્રીક શોપ, મોબાઈલ શોપ, શાકભાજી માર્કેટ, રીક્ષા ભાડું, કરીયાણા શોપ, ફરસાણ શોપ, રેસ્ટોરન્ટ, જ્યુસ શોપ, હેર કટિંગની દુકાનોમાં પથી લઈને ૧૦૦ ટકા ડિસ્કાઉન્ટ લોકોને મળશે. આ ઉપરાંત સુરતની કેટલીક હોસ્પિટલોમાં બાળકીનો જન્મ થાય તો પ્રસુતિ ચાર્જ માફ કરવામાં આવશે. આ સાથે જ વય વંદના કાર્ડનો લાભ મેળવેલા ૩૦૦૦ લાભાર્થી અંબાજીમાં શ્રી યંત્રની પૂજા કરશે. અંબાજીથી વડનગરની મુલાકાત વડિલોને આપવામાં આવશે. વડનગરમા હાડકેશ્વર મહાદેવ મંદિરે યોજાનારા યજ્ઞમાં ભાગ લેશે. ત્યારબાદ આ તમામ વડીલો પરત સુરત આવશે.

### આ મેચથી પાકિસ્તાનને ૧૦૦૦ કરોડનો ફાયદો થયો

# સંજય રાઉતનો ચોંકાવનારો દાવો, ભારત-પાકિસ્તાન મેચ ફિક્સ હતી

## શિવસેના (યુબીટી) ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે પત્રકાર પરિષદમાં કહ્યું કે મેચ રમાવી સરકારની નિર્લજતા છે

નવી દિલ્હી, તા.૧૫

ભારત-પાકિસ્તાન વચ્ચે દુબઈમાં રમાયેલી ક્રિકેટ મેચને લઈને દેશમાં રાજકીય હંગામો જોવા મળી રહ્યો છે. આ વચ્ચે ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે દાવો કર્યો કે આ મેચ ફિક્સ હતી. આ મેચથી પાકિસ્તાનને ૧૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો.

શિવસેના (યુબીટી) ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સોમવાર (૧૫ સપ્ટેમ્બર) એ પત્રકાર પરિષદ યોજી કહ્યુ- મેચ રમાવી સરકારની નિર્લજતા છે. દુબઈ, અબૂધાબી, ગમે ત્યાં મેચ રમાઈ હોઈ. જો ભારત-પાકિસ્તાન મેચ રમાઈ તો આ આપણી સેનાનું, શહીદોનું, મહિલાઓનું અપમાન છે. મેચ રમવાથી શું સિંદૂર પરત આવશે?

તેમણે કહ્યુ, મેચ થવાથી ૧૦૦૦ કરોડ રૂપિયા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મળ્યા છે. દોઢ લાખ કરોડ રૂપિયાનો સટ્ટો લાગ્યો. મેચ ફિક્સ હતી. તેમાંથી ૫૦ હજાર કરોડ રૂપિયા પાકિસ્તાનને ગયા. સંજય રાઉતે કહ્યુ, આઈએમએફ અને એશિયન ડેવલોપમેન્ટ બેંકને તમે કહ્યું લોન ન આપો. કારણ કે આ પૈસાનો ઉપયોગ આતંકી ગતિવિધિમાં થશે. કાલે જે ભારતની મદદથી પાકિસ્તાનને પૈસા મળ્યા, તેનું શું. આઈસીસી ચેરમેને પૈસા આપ્યા. આ તો આતંકવાદમાં જ પૈસાનો ઉપયોગ થશે. સુનીલ ગાવસ્કરનો આભાર માનું છે તેમણે કહ્યુ કે ભારત સરકારે આ મેચની મંજૂરી આપી.

મહત્વનું છે કે શિવસેના (યુબીટી) એ મેચ પહેલા જ આંદોલનની જાહેરાત કરી દીધી હતી. શિવસેનાએ સિંદૂર રક્ષા આંદોલન ચલાવ્યું. હકીકતમાં વિપક્ષી પાર્ટીઓનું કહેવું હતું કે પહેલગામ આતંકી હુમલા બાદ ભારત-પાક વચ્ચે મેચ ન રમાવી જોઈએ.

ભારતે એશિયા કપના મહામુકાબલામાં રવિવારે (૧૪ સપ્ટેમ્બર) પાકિસ્તાનને સાત વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાનની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૨૭ રન બનાવી શકી હતી. તો ભારતે ૧૫.૫ ઓવરમાં ૩ વિકેટ પર ૧૩૧ રન બનાવી મેચ ૭ વિકેટથી જીતી લીધી હતી.

### સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

# ચૂંટણી પંચે કંઈ પણ ખોટું કર્યું હશે તો SIR પ્રક્રિયા રદ કરીશું

## સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા ૭મી ઓક્ટોબરની તારીખ નક્કી કરી

નવી દિલ્હી, તા.૧૫

બિહાર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને સોમવારે (૧૫મી સપ્ટેમ્બર) સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે અમે બિહાર SIR પર આંશિક અભિપ્રાય આપી શકીએ નહીં. અંતિમ નિર્ણય ગમે તે હોય, તે આખા દેશ પર લાગુ પડશે. અમે માનીએ છીએ કે બંધારણીય સત્તા, ચૂંટણી પંચ, બિહારમાં કાયદા અને ફરજિયાત નિયમોનું પાલન કરી રહ્યું છે. જો અમને બિહાર SIRના કોઈપણ તબક્કે ચૂંટણી પંચ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિમાં કંઈ પણ ખોટું જણાશે, તો સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવશે.

કેસની સુનાવણી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. અરજદારે પહેલી ઓક્ટોબર પહેલા કેસની સુનાવણીની માંગ કરી હતી. આ દિવસે અંતિમ મતદાર યાદી પ્રકાશિત થવાની છે. પરંતુ કોર્ટે ઈનકાર કરતા કહ્યું કે, ૨૮મી સપ્ટેમ્બરથી દશેરાની રજા છે, પરંતુ કોર્ટ એક અઠવાડિયા માટે બંધ છે. સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા માટે સાતમી ઓક્ટોબરની તારીખ નક્કી કરી.

અંતિમ મતદાર યાદીના પ્રકાશનથી મામલાના નિરાકરણમાં કોઈ ફરક પડશે નહીં. કોર્ટે અરજદારોને ખાતરી આપી હતી કે જો કોઈ ગેરકાયદે હશે, તો તે અંતિમ પ્રકાશનને ધ્યાનમાં લીધા વિના આ મામલે હસ્તક્ષેપ કરશે. કોર્ટે આ વાત એડવોકેટ પ્રશાંત ભૂષણના સવાલના જવાબમાં કહી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચ SIRની કવાયતમાં પોતાના મેન્યુઅલ અને નિયમોનું પાલન કરી રહ્યું નથી. કાયદાકીય જરૂરિયાત હોવા છતાં કમિશન આ મામલે મળેલા વાંધાઓ અપલોડ કરી રહ્યું નથી. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ચૂંટણી પંચે દેશભરમાં SIR વિશે વાત કરી હતી. ચૂંટણી પંચે આ સંદર્ભમાં ૧૦મીસપ્ટેમ્બરે એક બેઠક યોજી હતી.ત્યારબાદ અધિકારીઓએ કહ્યું હતું કે આવતા વર્ષે પાંચ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. તેથી ૨૦૨૫ના આગામી મહિનાઓમાં અખિલ ભારતીય મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી શકાય છે. બેઠકમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓએ કોઈપણ લાયક નાગરિકનું નામ મતદાર યાદીમાંથી બહાર ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિ તેમાં ન રહે તે સુનિશ્ચિત કરવા માટે દસ્તાવેજો સૂચવ્યા. ફરીથી ભાર મૂકવામાં આવ્યો કે આ દસ્તાવેજો પાત્ર નાગરિકો માટે સબમિટ કરવા માટે સરળ હોવા જોઈએ. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૬માં આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે.ચૂંટણી પંચ દ્વારા શરુ કરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ, દેશભરમાં ડુપ્લિકેટ, મૃત અથવા અયોગ્ય મતદારોની ઓળખ કરવામાં આવશે અને મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવામાં આવશે. ખાસ કરીને એવા મતદારોની ઓળખ કરવામાં આવી રહી છે જેઓ કાયમી અને વર્તમાન બંને સરનામા પર નોંધાયેલા છે.

### વેપારીઓને ૨૫૦ કરોડના વેચાણની આશા

# નવરાત્રીને લઈ સુરતની ચણિયાચોળીની દેશમાં માંગ

## ગુજરાત જ નહીં પરંતુ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હીમાંથી મોટા પ્રમાણમાં ઓર્ડર આવી રહ્યા છે

સુરત, તા.૧૫

ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ અને ગરબાનો તહેવાર નવરાત્રી હવે માત્ર રાજ્યની સીમાઓથી આગળ વધીને દેશભરમાં લોકપ્રિય બન્યો છે. આ તહેવારની ઉજવણી સાથે ગુજરાતી પરંપરાગત પોશાક ચણિયા-ચોળીની માંગ પણ દેશના અન્ય રાજ્યોમાં ઝડપથી વધી રહી છે. સુરતના બેગમપુરા વિસ્તારમાં આવેલા પશુપતિ ટેક્સટાઈલ માર્કેટ, તિરુપતિ માર્કેટ અને શંકર માર્કેટ નવરાત્રીની સિઝનમાં ચણિયા-ચોળીના હોલસેલ અને રિટેલ વેચાણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યા છે. આ માર્કેટોમાં ગ્રાહકોની ભીડ અને ખરીદીનો ઉત્સાહ નવરાત્રીની નજીક આવતાં વધુ તીવ્ર બન્યો છે. સુરતના આ માર્કેટોમાંથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં ચણિયા-ચોળીના ઓર્ડર મળી રહ્યા છે. ગુજરાતની અંદર પણ રાજકોટ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં આ પોશાકનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, ગ્રાહકો પરંપરાગત ડિઝાઈનની સાથે ઈન્ડો-વેસ્ટર્ન લુકવાળી ચણિયા-ચોળી પણ ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ડિઝાઈનની વિવિધતા અને ગુણવત્તાને કારણે બેગમપુરા માર્કેટમાં ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળે છે. વેપારીઓ આશા રાખે છે કે આ નવરાત્રીમાં માત્ર સુરતમાંથી જ ૨૫૦ કરોડ રૂપિયાના ચણિયા-ચોળીનું વેચાણ થશે.

શંકર માર્કેટના સચિવ અને ફોસ્ટાના ડાયરેક્ટર જગદીશભાઈ કોઠારીએ જણાવ્યું કે, મોદી સરકારે GSTમાં આપેલી રાહત કાપડ વેપારીઓ માટે દિવાળી પહેલાં એક મોટી ભેટ સમાન છે. ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થનારો ૫% GSTનો નિયમ કાપડના વેપારીઓ માટે એકસમાન રહેશે, જેનાથી વેપારમાં વધુ પારદર્શિતા અને ઉત્સાહ આવશે. આ રાહતને કારણે નવરાત્રીની સિઝનમાં ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો વેપાર થવાની આશા છે. આ નવી નીતિ વેપારીઓને વધુ ખુલ્લામનથી વેપાર કરવાની તક આપશે.

જગદીશભાઈ કોઠારીએ સરકારને અપીલ કરી કે, ૨,૫૦૦ રૂપિયાથી ઉપરના ૧૮% GSTને બદલે ૫% GSTનો દાયરો ૨,૫૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો કરવામાં આવે. તેમના જણાવ્યા અનુસાર, મધ્યમ વર્ગના ગ્રાહકો મોટાભાગે ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ચણિયા-ચોળી ખરીદે છે. જો GSTનો દાયરો વધારવામાં આવે તો ગ્રાહકોને રાહત મળશે અને વેપારીઓને પણ વધુ લાભ થશે. આ ફેરફાર નવરાત્રીના વેચાણને વધુ બળ આપશે અને મધ્યમ વર્ગના ગ્રાહકોની ખરીદીને પ્રોત્સાહન મળશે.

નવરાત્રીની આ ઉજવણીમાં સુરતના ટેક્સટાઈલ માર્કેટોનો મહત્વનો ફાળો છે. ચણિયા-ચોળીની વધતી માંગ અને GSTની રાહતને કારણે વેપારીઓ આગામી નવરાત્રીમાં મોટા વેચાણની આશા રાખે છે. બેગમપુરાના માર્કેટોમાં પરંપરાગત અને આધુનિક ડિઝાઈનનું સંગમ ગ્રાહકોને આકર્ષી રહ્યું છે, જે ગુજરાતી સંસ્કૃતિને દેશભરમાં ફેલાવવામાં મદદ કરે છે.

### કોમેડિયન એક્ટર કપિલ શર્મા ફરી એક વખત વિવાદમાં ફસાયો

# કપિલ શર્માએ મુંબઇને બોમ્બે કહેતા મનસે દ્વારા વિરોધ કરાયો

## થોડાં વખત પહેલાં કેનેડામાં તેના કેફેમાં સિખ સમાજની લાગણીઓ દુભાવાના આરોપસર હુમલો કરવામાં આવ્યો હતો

મુંબઈ, તા.૧૫

કોમેડિયન એક્ટર કપિલ શર્મા ફરી એક વખત વિવાદમાં ફસાયો છે. થોડાં વખત પહેલાં કેનેડામાં તેના કેફેમાં સિખ સમાજની લાગણીઓ દુભાવાના આરોપસર હુમલો કરવામાં આવ્યો હતો. હવે તેને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ નિશાન બનાવ્યો છે. મનસેના ફિલ્મ વિંગના નેતા અમેયા ખોપકરે તેના માટે એક ચેતાવણી જાહેર કરી છે,

જેમાં તેને પોતાના નેટફ્લિક્સ પરના શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શોમાં મુંબઈના બદલે બોમ્બે કે પછી બમ્બઈના કહેવા માટે ચેતવ્યો છે. ખોપકરે નિવેદનમાં કહ્યું કે મનસે દ્વારા કપિલ શર્મા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે."આ શહેરનું નામ મુંબઈ છે. કપિલ શર્માના શોમાં અમે લાંબા સમયથી જોતા આવ્યા છીએ કે આ શહેરને તેઓ બોમ્બે કે બમ્બઈ કહે છે.



આ માત્ર એક વાંધો નથી, આ ગુસ્સો છે. જો તમે અન્ય શહેરોને તેમના યોગ્ય નામ ચેન્નઈ, બેંગલુરુ અને કોલકાતા કહેતા હોય તો આ શહેરનું આવું અપમાન કેમ? મુંબઈ તમારી કર્મભૂમિ છે. આ શહેરનું અપમાન કરશો નહીં, મુંબઈનાં લોકોનું અપમાન કરશો નહીં."આગળ તેમણે કહ્યું, "જો આવું ભૂલથી થયું હોય, તો આ ભૂલ સુધારી લો. તમારા શોમાં જે પણ આવે છે, તેઓ કોઈ સેલેબ્રિટી હોય કે પછી એન્કર્સ, તેમને જણાવો કે બોમ્બે કે બમ્બઈ નહીં, પણ મુંબઈ બોલવાનું. જો આવું નહીં થાય તો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે."

### વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની શક્યતા

# GST બાદ મિડલ ક્લાસને વધુ એક રાહતની શક્યતા

## રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ઘટાડો થવાની શક્યતા છે

નવી દિલ્હી, તા.૧૫

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. નિકાસ ઓર્ડર અને સરકારી ખર્ચમાં ઘટાડાના કારણે જીડીપી ગ્રોથમાં ઘટાડાની ભીતિ વચ્ચે આ પગલું લેવામાં આવી શકે છે. GSTમાં ઘટાડા બાદ મીડલ ક્લાસને રેપો રેટમાં પણ રાહત મળવાની શક્યતા છે. જેનાથી ખિસ્સા પર બોજો ઘટશે અને માગ વધશે.

એચએસબીસી ગ્લોબલ રિસર્ચે પોતાના રિપોર્ટમાં આ અંગે જણાવ્યું હતું કે,અનાજનું મજબૂત ઉત્પાદન, ચોમાસુ સારૂ રહેતાં ગ્રામીણ વપરાશમાં વધારો, પર્યાપ્ત ભંડાર, ક્રૂડના ભાવોમાં ઘટાડો અને ચીનમાંથી સસ્તી નિકાસના કારણે ફુગાવો નીચો રહેવાનો આશાવાદ છે. જેથી આરબીઆઈ વ્યાજના દરોમાં ૦.૨૫ ટકા (૨૫ બેઝિસ પોઈન્ટ)નો ઘટાડો કરી શકે છે. ઉલ્લેખનીય છે, આરબીઆઈએ આ વર્ષમાં રેપો રેટ ફેબ્રુઆરીથી અત્યારસુધીમાં કુલ ૧૦૦ બેઝિસ પોઈન્ટ ઘટાડ્યો છે.

આરબીઆઈએ છેલ્લા દોઢ વર્ષથી રેપો રેટ ૬.૫ ટકા પર સ્થિર રાખ્યા બાદ આ વર્ષે ફેબ્રુઆરીથી ઘટાડો કરવાની શરૂઆત કરી હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં રેપોરેટ ૦.૨૫ ટકા ઘટાડ્યો હતો. બાદમાં એપ્રિલમાં વધુ ૦.૨૫ ટકા અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો લાગુ કર્યો હતો. આ સાથે હાલ ૫.૫ ટકા રેપો રેટ લાગુ છે. આગામી એમપીસી બેઠકમાં વ્યાજનો દર ૦.૨૫ ટકા ઘટાડે તો હોમ અને ઓટો લોનધારકોને મોટી રાહત મળશે.

બ્રોકિંગ ફર્મે જણાવ્યું કે, ચાલુ ત્રિમાસિક માટે સરેરાશ ફુગાવો ૧.૮ ટકા છે, જે આરબીઆઈના અપેક્ષિત લક્ષ્યાંક ૨.૧ ટકાથી નીચો છે. વધુમાં સપ્ટેમ્બરમાં સીપીઆઈ ફુગાવો ૧ ટકાથી ૧.૫ ટકા નોંધાવાનો અંદાજ છે. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવાનો આંકડો નજીવો વધ્યો છે. પરંતુ તે અપેક્ષિત લક્ષ્યાંકથી ઓછો છે. મોંઘવારીમાં વધારા પાછળનું એક મહત્ત્વનું પરિબળ સોનું રહ્યું છે. ઓગસ્ટમાં સોનાના ભાવમાં સરેરાશ ૪૦ ટકાનો ઉછાળો નોંધાતાં સીપીઆઈ ફુગાવામાં ૪૩ બેઝિસ પોઈન્ટનો વધારો થયો છે.

# અમરેલી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આગમનને લઈને જીલ્લા ભાજપની બેઠક યોજાઈ






પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગમી તા.૨૦ સપ્ટેમ્બરને શનિવારના રોજ ભાવનગર ખાતે પધારવાના હોય, આપણાં પડોશી જીલ્લામાં પધારી રહેલાં પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંતર્ગત અમરેલી જીલ્લાનાં કાર્યકર્તાઓ તેમજ નાગરિકોને કાર્યક્રમમાં લઈ જવાની વ્યવસ્થા બાબતે અમરેલી જીલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા તાત્કાલિક બેઠક બોલાવવામાંઆવેલ. આ બેઠકમાં જીલ્લા મંડલનાં પ્રમુખો–મહામંત્રીઓ, જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા અને નગરપાલિકાના પ્રમુખો, સહકારી અગ્રણીઓ, જીલ્લા ભાજપ મોરચાના પ્રમુખ–મહામંત્રીઓ સહિત હોદ્દેદારોને કાનાણીએ પાંચેય વિધાનસભા ક્ષેત્રમાં શકિતકેન્દ્ર સંયોજકોના અભ્યાસવર્ગોનાં સુંદર આયોજન બદલ અભિનંદન આપી મોદીના કાર્યક્રમમાં જવા–આવવા નાસ્તો–ભોજન, પાર્કિંગ સહિત સભા સ્થળે સમયસર પહોંચવાની વ્યવસ્થાની વિસ્તૃત વિગતો આપેલ. તેમજ તા. ૨૧ સપ્ટેમ્બર રવિવારના રોજ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકની વાર્ષિક સાધારણસભામાં અમરેલી પધારી રહેલાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમનું પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાતવિધાનસભાનાંનાયબમુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, જીલ્લા સહકારી સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરિયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોર્ચાના મંત્રી મયુરભાઈ માંજરિયા સહિત આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં બેઠકનું સંચાલન મનોજભાઈ મહીડાએ કર્યુ હતું તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

## આરોગ્ય વિભાગ દ્વારા અમરેલી ખાતે દિકરી ગૌરવ કાર્યક્રમનું સુંદર આયોજન થયું

### દિકરીઓનું સન્માન કરવામાં આવ્યુ



અમરેલી, તા. ૧૫

આરોગ્ય શાખા જીલ્લા પંચાયત તેમજ તેજસ્વીની વુમેન્સ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે દિકરી ગૌરવ કાર્યક્રમ ભવ્ય રીતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ સમાજની દિકરીઓએ વિવિધ ક્ષેત્રોમાં હાંસલ કરેલી અનોખી સિદ્ધિઓનું જાહેર મંચ પર સન્માન કરી તેમને વધુ પ્રોત્સાહિત કરવાનો રહ્યો.

કાર્યક્રમમાં શિક્ષણ, રમતગમત, કલા, સંશોધન, સેવા તથા ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં ગામ, તાલુકા કે જિલ્લા સ્તરે અનોખું પ્રદર્શન કરનાર દિકરીઓને વિશેષ માનપત્ર અને સ્મૃતિચિહ્ન અપાયા. દિકરીઓની સફળતાઓને ઉજાગર કરી તેમના માતા–પિતા તેમજ પરિવારજનોને પણ ગૌરવની લાગણીનો અનુભવ કરાવવામાં આવ્યો.

આ અવસર પર મુખ્ય મહેમાનોએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, આજના યુગમાં દિકરીઓ પ્રતિભા, પરિશ્રમ અને આત્મવિશ્વાસથી અનેક ક્ષેત્રોમાં આગેવાની કરી રહી છે. તેમને પ્રોત્સાહન અને યોગ્ય માર્ગદર્શન મળે તો તેઓ સમાજને નવી ઊંચાઈ પર લઈ જઈ શકે છે. આ પ્રકારના કાર્યક્રમો દિકરીઓ માટે પ્રેરણાસ્ત્રોત બનીને ભવિષ્યમાં વધુ ઉત્તમ કારકિર્દી તરફ આગળ વધવા માટે આધારરૂપ બને છે.

કાર્યક્રમમાં આરોગ્ય શાખાના અધિકારીઓએ દિકરીઓના સર્વાંગી વિકાસ માટે ચાલી રહેલી સરકારી યોજનાઓની પણ જાણકારી આપી. તેજસ્વીની વુમેન્સ ફાઉન્ડેશન દ્વારા મહિલાઓ તથા કિશોરીઓના સશક્તિકરણ માટે કરાતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ વિગતવાર માહિતગાર કરવામાં આવ્યું.

આ આયોજન દ્વારા દિકરી નથી ભાર, દિકરી છે પરિવારનો ગૌરવ એવો સંદેશ સમાજમાં મજબૂત રીતે પ્રસરી ગયો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્વયંસેવક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

આ રીતે અમરેલી જિલ્લાના આ અનોખા દિકરી ગૌરવ કાર્યક્રમ એ દિકરીઓની પ્રતિભાને જાહેર મંચ પર સન્માન આપીને તેમની હિંમત, આત્મવિશ્વાસ અને ઉત્સાહમાં નોંધપાત્ર વધારો કર્યો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૯૭૦ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૧૦૯૩ |
| ૩ | શિંગદાણા | ૯૫૧ | ૧૩૭૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૭૧ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૪૩૬૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૦૦ | ૨૩૮૮ |
| ૮ | બાજરો | ૩૫૫ | ૫૨૬ |
| ૯ | જુવાર | ૨૩૫ | ૨૩૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૮૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૬ |
| ૧૨ | મકાઈ | ૪૦૨ | ૬૬૦ |
| ૧૩ | મગ | ૧૧૭૦ | ૧૭૨૧ |
| ૧૪ | અડદ | ૧૦૯૦ | ૧૩૫૧ |
| ૧૫ | ચણા | ૧૦૨૫ | ૧૧૨૪ |
| ૧૬ | સફેદ ચણા | ૯૬૫ | ૧૧૩૮ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૪૧ | ૧૪૪૧ |
| ૧૮ | તુવેર | ૧૦૪૦ | ૧૨૦૨ |
| ૧૯ | વાલ | ૫૯૯ | ૫૯૯ |
| ૨૦ | કપાસ | ૮૪૦ | ૧૫૮૫ |
| ૨૧ | એરંડા | ૧૦૬૪ | ૧૨૭૦ |
| ૨૨ | જીરૂ | ૨૬૦૦ | ૩૫૭૦ |
| ૨૩ | રાય | ૧૧૯૦ | ૧૪૫૫ |
| ૨૪ | ધાણા | ૧૦૨૦ | ૧૩૬૫ |
| ૨૫ | મેથી | ૭૨૦ | ૮૯૮ |
| ૨૬ | સોયાબીન | ૮૧૦ | ૮૨૬ |
| ૨૭ | રજકાનુ બી | ૪૬૦૦ | ૬૪૨૦ |
| ૨૮ | કાંગ | ૪૨૪ | ૪૯૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાંથી 'ડોર ટુ ડોર' કચરા

અમારી માંગ છે કે, સરકારના નિયમ મુજબ ઓછામાં ઓછા ૨૧ દિવસ ટેન્ડરના હોઈ છે જેનો પણ અમલ કરવામાં આવેલ નથી અને ટેકનીકલ શરત નં. ૬ થી ૧૭ રદ કરી તાત્કાલીક અન્ય શરતો જોડવામાં આવે તેથી ગુજરાતની અનેક એજન્સીઓ આ કામમાં ટેન્ડરો ભરે અને સારૂ કામ થાય તેવી અમે માંગ કરીએ છીએ.

આ ટેન્ડર બહાર એવું પાડવામાં આવે છે જેમાં પોતાની માનીતી એજન્સી આવે અને હરીફાઈ ન રહે જેથી ભાવ નીચો ન આવે અને ભ્રષ્ટાચાર પણ થઈ શકે તેવું આ ટેન્ડર બહાર પાડવામાં આવેલ હોય જેમાં પણ ખુબ ગેરરીતી થયેલ છે. જેથી પણ અમો વિરોધ કરીએ છીએ.

જો અમારી માંગને પુરી કરવામાં નહી આવે તો પ્રાદેશીક કમીશનર તથા જરૂર પડશે તો કોર્ટમાં પણ જવાની પણ ચીમકી આપવામાં આવી.

## પાના ૮ ઉપરનું ચાલું હત્યા કેસનાં 3 આરોપીને ઝડપી લેવાયા

ગુન્હામાં સ્થાનીક પોલીસે ૩ આરોપીની અટકાયત કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગઈ તા. ૧૩/૦૬/૨૦૨૫ના રોજ મરણ જનાર મેહુલને નવામાલકનેશ ગામના અવેડે બોલાવી લાવી તેની સાથે માથાકુટ કરી આરોપી હિતેશ તથા ગોપાલ ઉર્ફ ગોદડ બન્ને મરણ જનાર મેહુલને પકડી રાખતા આરોપી અલ્પેશ બારૈયાએ તેની પાસે રહેલ તિક્ષ્ણ છરી વડે મરણ જનાર મેહુલના શરીરે આડેધડ જીવલેણ ઘા મારી તેનું સ્થળ પર મોત નિપજાવી ત્રણેય આરોપીઓએ ગુન્હો કરી નાશી ગયેલ હોય, તો તેમના વિરૂધ્ધ મરણ જનારના ભાઈએ ફરિયાદ આપતા ખાંભા પો.સ્ટે. ખુનનો ગુન્હો દાખલ થયેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે શરીર સંબંધી ખુન, ખુનની કોશીશના આરોપીઓને તાત્કાલીક પકડવા અને તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વણશોધાયેલા ગુન્હા ડીટેકટ કરવા અંગે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને ધારી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના જરૂરી માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ ખાંભા પો.સ્ટેની અલગ અલગ ટીમો બનાવી અલગ–અલગ દિશામાં ટેકનીકલ/હ્યુન સોર્સના આધારે ખુનના આરોપી (૧) અલ્પેશભાઈ હિંમતભાઈ બારૈયા, (ઉ.વ.૧૯), (૨) હિતેશભાઈ રાઘવભાઈ સોલંકી (ઉ.વ. ૧૮), (૩) ગોપાલ ઉર્ફ ગોદડ રમેશભાઈ બારૈયા (ઉ.વ. ૧૮) રહે. નવા માલકનેશની અટકાયત કરેલ છે.

આ કામગીરીમાં ખાંભા પો.સ્ટે. ઈન્ચાર્જ પો.ઈન્સ. રાહબરી હેઠળના હેડ કોન્સ. મુકેશભાઈ પી. ગાજીપરા તથા હેડ કોન્સ. ઘનશ્યામભાઈ મહેતા તથા હેડ કોન્સ પ્રતાપભાઈ મેવાડા તથા પો.કોન્સ. રાજુભાઈ બોદર તથા પો.કોન્સ. ફારૂકભાઈ પઠાણ તથા પો.કોન્સ. ધર્મેશભાઈ ઠાકર તથા પો.કોન્સ. શિવરાજભાઈ લુણસર તથા પો.કોન્સ. સહદેવભાઈ મકવાણા તથા પો.કોન્સ. મનિષભાઈ ઝાલા જોડાયા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૦૦ |
| ૨ | ઘઉં | ૪૧૫ | ૪૧૫ |
| ૩ | ચણા | ૯૭૦ | ૯૭૦ |
| ૪ | તલ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| ૫ | અડદ | ૧૧૭૦ | ૧૨૨૫ |
| ૬ | શીંગ દાણા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | મકાઈ | ૩૪૫ | ૩૪૫ |
| ૯ | સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૦૫૫ | ૧૩૭૫ |
| ૨ | કપાસ જુનો | ૧૩૬૫ | ૧૪૫૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૬૫ | ૧૯૨૫ |
| ૪ | જીરૂ | ૨૯૧૫ | ૩૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૬ | અડદ | ૮૮૦ | ૧૩૦૦ |
| ૭ | મગ | ૧૧૧૫ | ૧૮૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૩૫ |
| ૨ | શીંગ નવી | ૬૫૦ | ૯૯૧ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૭૩ |
| ૪ | તલ કાળા | ૩૭૦૦ | ૪૨૭૧ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૭૧ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૭૬૧ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૯૭૫ | ૧૧૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદમાં સુકવેલી મચ્છી

અઠવાડિયે મુંબઈ મરોલ માર્કેટમાં ટ્રકો ભરીને મોકલવામાં પણ આવે છે. મોટામાં મોટું બોમ્બે ડગ મચ્છીનુ ઉત્પાદન કરતું બંદર છે. પરંતુ હાલમાં વરસાદના લીધે બોમ્બે ડગ (બુમલા) પલળી જતા કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ નુકસાન બાબતે સાગરખેડૂઓ દ્વારા વડાપ્રધાનથી લઈ મુખ્યમંત્રી સુધી રૂબરૂ જઈ મૌખિક રજૂઆતો તથા તમામ બંદરો દ્વારા હાલમાં લેખિત રજૂઆત થતાં પણ સરકાર કોઈ જાતની નુકસાનીની કોઈ સહાય આજદિન સુધી ચુકવવામાં આવી નથી. જેમાં ધરતીખેડૂતોને સહાય સરકાર પુરી પાડવામાં આવે છે તેવીજ રીતે સાગરખેડૂઓને પણ વરસાદના લીધે સુકવેલી મચ્છી પલળી ગયેલ હોય તે નુકસાનનું સર્વે કરી સહાય ચુકવવામાં આવે તેવી રજૂઆત છતાં પણ સરકાર દ્વારા આજ દીન સુધી સાગરખેડૂ ઓને વરસાદના લીધે થતું કરોડો રૂપિયાનુ નુકસાનની સહાય ચુકવવામાં આવતી નથી. સાગરખેડૂઓ મધદરિયે રાત–દિવસ એક કરી સમુદ્રના પેટાળમાં થી બોટો દ્વારા લાવવામાં આવતી મચ્છી કે જે બુમલા તથા (બોમ્બે ડગ) નામની મચ્છી બંદરમાં લાવીને તે બોમ્બે ડગ સુકવણી માટે પણ હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે તે બોમ્બે ડગ સુકવણી કરી જુદા જુદા દેશોમાં પણ નિકાસ કરવામાં આવે છે. તેમાંથી સરકારને કરોડો રૂપિયાનું હુંડિયામણ કમાણી કરી આપે છે. પરંતુ સાગરખેડૂઓ પોતાના ઘરના સભ્યોના સોનાના દાગીના ઉપર લોન લઈને તથા પોતાના મકાનો ગીરવે મૂકીને વ્યાજે પૈસા લઈને બોટો ચાલુ કરવામાં આવતી હોય છે અને દરિયો ખેડવા નિકળેલા સાગરખેડૂઓ (ખલાસીઓ) પોતાનો જીવ હાથની હથેળી પર મુકીને દરિયો ખેડવા જતા હોય છે. અનેક કુદરતી આફત સામે ઝઝૂમતા ખલાસીઓ મોટી માત્રામાં માછલીઓ પકડી બંદર સુધી લાવતા હોય છે. પરંતુ આકાશી આફત વરસતા કરોડોનું નુકસાન વેઠવું પડયું છે.

સુકવેલી મચ્છી વરસાદના કારણે પલળી જતા સાગરખેડૂઓ પાયમાલ ભાજપ સરકારને ખોબલે ખોબલે મત આપી તેમની સાથે ખભેખભા મિલાવી ચાલતા સાગરખેડૂઓને આવી મુસ્કેલીમાં સરકાર તરફથી કોઈ પણ સહાય ચુકવવામાં આવતી નથી. પ્રથમ સિઝનની શરૂઆતમાંજ પાયમાલ લાખો રૂપિયા ખર્ચીને બોટ મધદરિયે મોકલાવવામાં આવે છે. જથ્થા બંધ બુમલા (બોમ્બે ડગ) નામની મચ્છી બોટ દ્વારા લાવવામાં આવે છે. દરિયાકાંઠે બોટ દ્વારા આ બુમલા નામની મચ્છી સુકાવા માટે મજુરોને મંજુરી ચુકવીને સુકવવામાં આવે છે. પરંતુ વરસાદના લીધે કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડયું છે. અનેકવાર માચ્છીમારોની રજૂઆતો પરંતુ સરકાર સહાય આપવાને બદલે મજાક કરવામાં આવતી હોય તેવું સાગરખેડૂઓમાં અહેસાસ થઈ રહ્યો છે. પ્રથમ સિઝનની શરૂઆત માટે બોટ માલિકો પોતાના ઘરના તમામ સભ્યોના ઘરેણા મુકીને તથા મકાનો ઉપર લોન લઈ બોટ ચાલુ કરવામાં આવે છે. પરંતુ સિઝનની પ્રથમ શરૂઆતમાં જ વ્યાજના ચક્રમાં ફસાઈ જઈ રહ્યા છે. વ્યાજના ચક્રમાં ડુબતા સાગરખેડૂ ઓને આશાનું કિરણ સરકાર દ્વારા સર્વે કરી સહાય ચુકવવામાં આવે તેવી આશા ભાજપ સરકાર ઉપર રાખી રહ્યા છે.

જાફરાબાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી જાફરાબાદ શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં વરસાદ હોવાના કારણે સાગરખેડૂ ભાઈઓને કરોડો રૂપિયાનું નુકસાન હંમેશા વરસાદના કારણે માચ્છીમાર ભાઈઓ પોતાની બોટ લઈને બોમ્બે ડગ એટલે બુમલા નામની મચ્છી લાવે છે પરંતુ વરસાદના કારણે ફેંકવામાં આવે છે. બોટના માલિકોને તમામ જાતની માછલીઓ ફેંકવામાં આવે છે. જેના કારણે સાગરખેડૂ ભાઈઓને પોતાનો બોટનો ખર્ચો કાઢવા પણ મુશ્કેલી થાય છે. આના કારણે ઘણા વર્ષથી આવી નુકસાની ભોગવી રહ્યા છે. આ બાબતે વારંવાર સરકારને રજૂઆત કરવા છતાં પણ સરકાર સાગરખેડુ ઉપર ધ્યાન કેમ આપતુ નથી. ખેતી ખેડૂત ભાઈઓને આવી હોનારતમાં વળતર આપી શકતી હોય તો સાગર ખેડુને કેમ નહીં ? કરોડો રૂપિયાનુ વિદેશી હુંડીયામણ કમાણી આપતા સાગરખેડૂઓને આવી વરસાદી હોનારતમાં સહાય ચુકવવામાં સરકાર સાગરખેડૂ સાથે હળાહળ અન્યાય કેમ. એક બોટ લોકોને રોજગારી પૂરી પાડતી હોય અનેક બોટ બે રોજગારને મોટી રોજગારી પૂરી પાડતી હોય છે. પરંતુ જે બોટ આવી મુસીબતોમાં બંધ થઈ જાય તો બેરોજગારોની રોજગારી છીનવાઈ રહીં છે તેનું કારણ આવી વરસાદી આફતમાં સરકાર તરફથી કોઈ પણ જાતની સહાયતા ના ચુકવવાના કારણે બોટ માલિકો પાયમાલ થઈ રહ્યાં છે. સરકાર મત્સ્યોદ્યોગ ખરેખર જીવિત રાખવાનો હોય તો સાગરખેડૂઓને ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે સહાય ચુકવવામાં આવે તો આ ઉદ્યોગ જીવીત રહે નહીંતર લાખો લોકોની રોજગારી પૂરી પાડતો મત્સ્યોદ્યોગ બંધ થવાની આરે હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે લાખો રૂપિયા વ્યાજે લઈ બોટ ચાલુ કરવામાં આવે પરંતુ સિઝનની પ્રથમ શરૂઆતમાં જ કરોડો રૂપિયાની મચ્છી પલળી જતા સાગરખેડૂઓ પાયમાલ બની રહ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૫૪ | ૧૩૫૧ |
| ૨ | ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૪ | રાય | ૮૫૦ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૭૫૦ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૩૦ | ૫૫૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૩૧ |
| ૪ | રજકાબી | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૭૯૦ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૭ | તલ સફેદ | ૧૨૫૦ | ૧૮૭૦ |
| ૮ | ધાણા | ૧૨૬૦ | ૧૨૯૫ |
| ૯ | અડદ | ૫૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૧ | મગફળી | ૬૦૦ | ૭૭૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ગાંધીનગર ખાતે સરદાર સન્માન યાત્રાનું

એચ.એસ. પટેલ, નરહરિભાઈ અમીન, ધારાસભ્ય જી.એસ. પટેલ, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય કૌશિક વેકરીયા, ધારાસભ્ય જે.વી કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ શિલ્પાબેન, ગાંધીનગર શહેરના પ્રમુખ આશિષભાઈ દવે ઉપસ્થિત રહ્યાં હતા.

આ યાત્રામાં સહકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, અન્ય સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહી સરદાર યાત્રાનું પુષ્પો દ્વારા સન્માન કર્યુ હતું.

ખાસ નોંધનીય બાબત એ છે કે કોબા સ્કૂલ, જે.એમ. ચૌધરી સ્કૂલ, ગુરૂકુળ સ્કૂલ અને કડી સ્કૂલ વગેરે સંસ્થાના હજારો વિદ્યાર્થીઓએ ત્રણેક કિલોમીટર જેટલી લાંબી માનવ સાંકળ રચી હતી. વિશેષમાં સરદાર પટેલના જીવનમાંથી લીધેલા પ્રસંગો અને સૂત્રો લખેલા બોર્ડ તથા પ્લે કાર્ડ વિદ્યાર્થીઓ લઈને આવ્યા હતા અને જય સરદારના નારા સાથે યાત્રાનું સન્માન કર્યુ હતું. યાત્રાની ભવ્યતા એ હતી કે ૫૫૦ મીટર લાંબા તિરંગાને લઈને કડી કેમ્પસના વિદ્યાર્થીઓ યાત્રાની આગળ ચાલતા હતા.

ઉમિયા સંસ્થાન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના રાજવી પરિવારો, સ્વાતંત્ર સેનાનીના પરિવારોનું સન્માન મુખ્યમંત્રી અને યાત્રાના સંયોજક ગોપાલભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

છેલ્લે સેકટર ૩૦ સર્કલ ખાતે જયારે યાત્રા પહોંચી કે.જી. વણઝારાના નેતૃત્વ નીચે વણઝારા સમાજે તેમના પરંપરાગત પરિધાન સાથે ઢોલની તાલે ગરબા ગાઈને યાત્રાનું સન્માન કર્યુ હતું. ગાંધીનગર મહાનગરમાંથી નીકળેલી યાત્રાએ ૨૦ કિ.મી. જેટલો માર્ગ કવર કર્યો હતો. આ યાત્રાનું આયોજન અને સંકલન મહેન્દ્રભાઈ દાસ (કન્વીનર), રાજુભાઈ પટેલ (સહ કન્વીનર), સુરેશભાઈ પટેલ, ડો. અનિલભાઈ પટેલ, પૂર્વીન પટેલ, જે.પી. તાડા વગેરેએ કર્યુ હતું. ઉમિયા સંસ્થાન ખાતે યોજાયેલ કાર્યક્રમનું સંકલન સંસ્થાના પ્રમુખ અશોકભાઈ પટેલ, સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ, સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજ, કચ્છ કડવા પાટીદાર તથા ગાંધીનગર લેઉઆ પાટીદાર સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ યાત્રાના સન્માનમાં જુદી જુદી જ્ઞાતિઓ, સામાજિક સંસ્થાઓ, બેંકો, બિલ્ડરો અને વ્યકિતગત રીતે ૫૫૦ જેટલા હોલ્ડિંગ્સ લગાવીને આ યાત્રાને ભવ્યતા બક્ષી હતી. ખાસ કરીને પ્રિન્ટ મીડિયા, ઈલેકટ્રોનિક મીડિયા અને સોશયલ મીડિયાએ આ યાત્રાનું કેમ્પેઈન કરી, તેમના દૈનિક પેપરો અને મીડિયામાં સ્થાન આપીને જે સહયોગ આપ્યો છે એ બદલ યાત્રાના કન્વીનર મહેન્દ્રભાઈ, રાજુભાઈ પટેલ, ડો. અનિલભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, પૂર્વીન પટેલ, મનીશભાઈ પટેલ, કિંજલ, શૈલેશ પટેલ, રાકેશ પટેલ, ઉર્વીન પટેલે સાથે કાર્યકતાઓએ ખુબ ખુબ આભાર માન્યો છે.


## શ્રી તપસ્વી માણેકચંદજી સ્થાનકવાસી જૈન વિદ્યાલય
## કેશવકુંજ (તપોવનભુમિ) સુરગપરા, વડીયા

### :: વાર્ષિક સાધારણ સભાની નોટીસ ::

આથી સર્વે સભાસદશ્રીઓને જણાવવાનું કે, આપણી સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા.૨૬/૦૯/૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કેશવકુંજમાં વડીયા મુકામે રાખેલ છે.

તો દરેક સભાસદશ્રીઓને સમયસર હાજરી આપવા વિનંતી છે.

### :: કાર્યસુચી ::

૧. ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થયેલ વાર્ષિક હિસાબોને વાંચી તેને બહાલી આપવા બાબત.
૩. જૈન વિદ્યાલય વડીયાની જગ્યામાં વૈયાવચ્ચ ધામ બાંધકામ કરવા વિચારણા કરી નિર્ણય લેવા અંગે.
૪. શ્રાવક–શ્રાવિકાઓ અને ભાવ દિક્ષીતને ધાર્મિક અભ્યાસ કરાવવા વિચારણા કરી નિર્ણય કરવા અંગે.
૫. વૈયાવચ્ચ ધામમાં સાધુ–સાધ્વીજીને તેમજ સાર્વજનિક દર્દીઓ માટે દવાખાનાની સવલત ઉભી કરવા અંગે.
૬. વૈયાવચ્ચ ધામમાં રહેતા મોટી ઉંમરના સાધુ –સાધ્વીજીઓ માટે ભોજનાલય તેમજ લાઈબ્રેરીની સવલત અંગે મર્મા વિચારણા કરી નિર્ણય કરવા અંગે.
૭. કોરમના અભાવે મીટીંગ મુલત્વી રહે તો તે જ દિવસે એક કલાક બાદ મીટીંગ ફરીથી મળશે. જેની કોરમનો બાધ રહેશ નહી અને મીટીંગમાં થયેલ ઠરાવ ફાઈનલ ગણાશે.
૮. પ્રમુખ સ્થાનેથી અન્ય કાંઈ રજુ થાય તે.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
શ્રી તપસ્વી માણેકચંદજી સ્થા.
જૈન વિદ્યાલય – સુરગપરા, વડીયા


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૯૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૨૫ | ૧૮૬૮ |
| ૩ | તલ પીળા | ૧૯૬૧ | ૧૯૬૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૧ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૫૮૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૫૫૦ | ૮૪૫ |
| ૮ | મગ | ૧૨૬૨ | ૧૨૬૨ |
| ૯ | ચણા | ૭૫૦ | ૧૧૭૧ |
| ૧૦ | મેથી | ૯૯૦ | ૧૧૦૧ |
| ૧૧ | ચોળી | ૧૧૬૦ | ૧૧૬૦ |

### માતાજીનાં ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા

# બાબરા ખાતે શ્રી વડલીવાળી મેલડી માનાં સાંનિધ્યમાં નવરાત્રીનું ભવ્ય આયોજન

**૩ હજારથી વધુ બાળાઓ રાસ રમશે**



બાબરા, તા. ૧૫

બાબરામાં નિલવડા રોડ પર આવેલ સમગ્ર પંથકમાં શ્રધ્ધાનું કેન્દ્ર ધરાવતા શ્રી વડલીવાળી મેલડીમાંના મંદિરે આગામી નવરાત્રીનું આયોજન માતાજી ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે. અહીં મંદિરના વિશાળ મેદાનમાં ભવ્ય અને ડોમ ઉભું કરવામાં આવ્યું છે. ૩૦૦૦થી વધુ શહેર તેમજ તાલુકાની બાળાઓ રાશે રમી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અહીં મંદિરે નવરાત્રી દરમિયાન રાશે રમવા ઈચ્છતી બાળાઓનું રજિસ્ટ્રેશન કરવામા આવી રહ્યું છે.

મેલડીમાં મંદિરના ઉપાસક અને રાજુભાઈ જેઠવાએ અહીં માતાજીના સાનિધ્યમાં આયોજિત નવરાત્રી બાબતે જણાવ્યું હતું કે મેલડીમાંના સાનિધ્યમાં વરસમાં બે વાર ભવ્ય અને દિવ્ય નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. જેમાં ચૈત્રી નવરાત્રી અને આસો નવરાત્રી અહીં ૫ થી ૧૭ વરસ સુધીની બાળાઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે અને તેમને લ્હાણી આપવામાં આવે છે. બાકી અન્ય મહિલાઓ સામાન્ય રીતે ગરબે રમી શકે છે. અહીં મેદાનમાં કયાંય પુરૂષોને પ્રવેશ આપવામાં આવતો નથી તેમજ મેલડીમાં યુવક મંડળ સહિત અન્ય સેવક સમુદાય દ્વારા દીકરીઓની સુરક્ષા માટે પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

તેઓ વધુમાં જણાવ્યું હતું નવરાત્રી દરમિયાન દરોજ સાંજે તમામ રાશે રમવામાં આવતી બાળાઓનું પૂજન અર્ચન કરવામાં આવે છે તેમજ ભોજનપ્રસાદ આપવામાં આવે છે અને ત્યારબાદ નવરાત્રીમાં બાળાઓ ગરબે રમવા આવે છે. અહીં બાળાઓ મેલડીમાં નવદુર્ગા, સહિત અને દેવદેવીઓની વેશભૂષા સાથે પણ ગરબે રમી માતાજીની આરાધના કરે છે.

અહીં નવરાત્રી દરમિયાન દરોજ સાંજે દસ હજારથી વધુ બાળાઓ સહિત લોકો મહાપ્રસાદનો લાભ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ માતાજીના નવમાં નોરતે અહીં રજિસ્ટ્રેશન થયેલ ૩૦૦૦ થી વધુ બાળાઓને ઈનામ વિતરણ (લ્હાણી) આપવામાં આવશે તેમજ આગળ આયોજન મુજબ નવમાં નોરતે ૫૧૦૦ દીકરીના હસ્તે આહુતિ આપવામાં આવશે અને તે માટે ૧૫ બાય ૧૫ નો વિશાલ યજ્ઞ કુંડ તૈયાર કરવામાં આવશે.

જેમાં તમામ બાળાઓને શ્રીફળ સાકર અને ઘી આપવામાં આવશે અને વિધિ વિધાન સાથે યજ્ઞ કુંડમાં આહુતિ આપવામાં આવશે. હાલ મેલડીમાં મંદિરે માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ નવરાત્રીના આયોજનની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે.

### ૧૬ સપ્ટેમ્બર, વર્લ્ડ ઓઝોન-ડે, ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે




અમરેલી, તા. ૧૫

વર્લ્ડ ઓઝોન ડે ઓઝોન સ્તરની જાળવણી અંગેની જાગૃતિ ફેલાવા માટે થાય છે. પૃથ્વીથી લગભગ ૩૦ કિમીની ઊંચાઈએ ઓઝોન ગેસનું એક પાતળું પડ હોય છે, જેને ઓઝોન લેયર (Ozone Layer) કહે છે. ઓઝોનનું આ પડ સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોત્સર્ગને (Ultra Violate Rays) અવશોષિત કરે છે. જો આ રેડિએશન ધરતી પર સીધું જ પહોંચે તો તે મનુષ્ય સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકાસક સાબિત થઈ શકે છે. મોટાભાગનાં વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે જો ઓઝોનનું લેયર ન હોય તો આ પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. ઓઝોન લેયર વગર ધરતી પરનું જીવન ખુબ જ પ્રભાવિત થાય. પૃથ્વી પર રહેતા લોકો, જીવસૃષ્ટિ અને પ્રાણીઓ તમામનો સર્વનાશ થઈ જાય. આટલું જ નહીં, ઋતુઓ પણ અનિશ્ચિત થઈ શકે જેમ કે શિયાળા કરતા ઉનાળો લાંબો થઈ જાય, શિયાળો પણ ગમે ત્યારે આવી જાય, પૃથ્વી પર રહેલી હિમશીલાઓ ઓગળી જાય તો વારંવાર ત્સુનામીની સમસ્યાઓ પણ સર્જાય શકે છે.

ઓઝોનનાં લેયરમાં પડેલા હોલ્સને 'ઓઝોન હોલ્સ' (Ozone Holes) કહે છે. વર્ષ ૧૯૮૫માં સૌપ્રથમ વખત ઓઝોન હોલ્સ અંગે વિને જાણ થઈ હતી ત્યારપછી સમગ્ર વિમાં ઓઝોનનાં લેયરમાં પડી રહેલા હોલ્સને બચાવવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યાં છે. કેમિકલ ફેક્ટરીઓમાંથી નીકળતો ઝેરી ગેસ, વાહનોનું પ્રદૂષણ સહિત અનેક કારણોનાં લીધે ઓઝોનનું લેયર સતત પાતળું થતું જઈ રહ્યું છે. ઓઝોનનાં સ્તરમાં થઈ રહેલા આ નુકસાનને બચાવવા માટે અનેક દેશોમાં મોટી–મોટી ફેકટરીઓને બંધ કરી દેવાઈ છે સાથે જ સમગ્ર વિમાં સામુહિક રીતે ઓઝોનનું લેયર બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે. ઓઝોનને પૃથ્વીનું કુદરતી સુરક્ષા કવચ પણ કહે છે. જુદા જુદા ઈલેક્ટ્રિક સાધનો જેવા કે રેફ્રીજરેટર, એસી અને સુગંધી સ્પ્રેમાં વપરાતો ક્લોરોફલોરો કાર્બન ઓઝોનને સૌથી વધુ નુકસાન કરે છે.

કેટલીક રીસર્ચ અનુસાર વર્તમાન સમયમાં જ ઓઝોન સ્તરમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. તેની પાછળ માણસનું બેપરવાહ વર્તન જ જવાબદાર ગણી શકાય. બિનજરૂરી રીતે ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ, જુદા જુદા કેમિકલ્સ અને ધુમાડાઓ દ્વારા થતું વાયુ પ્રદુષણ, વારંવાર થતું વૃક્ષ છેદન વગેરેનાં કારણે પરીસ્થિતિ વણસી રહી છે. જો હવે જાગૃતિ રાખવામાં નહી આવે તો પૃથ્વીનો અંત નજીક જ છે, કોરોનાકાળ રૂપે તો કુદરતે પોતાનું વિફરેલું સ્વરૂપ બતાવી જ દીધું છે, હવે આથી વધુ તો કયા દાખલાઓ આપણને જાગૃત કરી શકશે.

! ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### કોળી સમાજનાં અગ્રણી નીતિન રાઠોડનાં અધ્યક્ષ સ્થાને

# બાબરાનાં સુખપર ગામે ૧૭ ગામનાં કોળી સમાજની બેઠક યોજાઈ

**શૈક્ષણિક, રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર ચર્ચા**



બાબરા, તા. ૧૫

બાબરા તાલુકના સુખપર ગામે તાલુકાના ૧૭ ગામના કોળી સમાજના અગ્રણીઓ અને લોકોની એક મહત્વપૂર્ણ બેઠક અને કોળી સમાજના અગ્રણી નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ગોવિંદભાઈ બાવળિયા, ગામના સરપંચ વલ્લભભાઈ બારૈયા, ખાખરીયા ગામના સરપંચ વીપુલભાઈ કાચેલા, નાનીકુંડળ ગામના સરપંચ વિનુભાઈ તલાવડીયા, મુનાભાઈ રાઠોડ, લાલભાઈ ઝાપડીયા, ગોરધનભાઈ ઝાપડીયા, રમેશભાઈ ચાવડા આજુબાજુ ગામના પંચાલ વિસ્તાર અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અહીં કોળી સમાજ દ્વારા ભવ્ય તાવાનું આયોજન કરી એક મહત્વપૂર્ણ બેઠક યોજાય હતી. જેમાં અહીં તાલુકામાં ભવ્ય શૈક્ષણિક ભવન બનાવવાનું આયોજન કરવા માટે સમાજ દ્વારા વિચારણા કરવામાં આવી હતી. કારણ કે સમાજના બાળકો હજુ આર્થિક કે સામાજિક કારણોસર શિક્ષણથી વંચિત રહે છે. સમાજના દીકરા દીકરી પૂર્ણ શિક્ષણ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવા માટે ચિંતા અને ચિંતન કરવામાં આવ્યું હતું. આ સિવાય સમાજને રાજકીય અને સામાજિક રીતે સંગઠિત કરવા એકજુથ થવા હાકલ કરવામાં આવી હતી તેમજ સમાજના વધતા જતા વ્યસન બાબતે જાગૃતિ કાર્યક્રમ થકી સમાજમાં વ્યસન દૂર કરવા સમાજના લોકો આગળ આવે અને કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવા સમાજ દ્વારા આગળ આવવા જણાવ્યું હતું.

### એએચપીનાં આગેવાનોએ પત્રકાર પરિષદ સંબોધી

# અમરેલીમાં બટારવાડી સહિતના વિસ્તારોમાં અંશાત ધારાની યોગ્ય અમલવારી થતી નથી

**યોગ્ય ન થાયતો મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવશે**



અમરેલી, તા. ૧૫

અમરેલીના બટારવાડી, ગજેરા પરા શક્તિ પરા, સરદાર ચોક સહિતના વિસ્તારના હિન્દુ ભાઈઓ દ્વારા રામેશ્વર મંદિર સરદાર ચોક ખાતે એક પત્રકાર પરિષદની આયોજન ગોઠવેલું. જેમાં આ વિસ્તારમાં ૨૦૨૨ થી અશાંત ધારો તંત્ર દ્વારા લાગુ કરવામાં આવેલો હોય. છતાં પણ ખૂબ જ મોટી સંખ્યામાં ત્યાના મકાનો અંદરખાને વેચાઈ રહ્યા છે. તેના માટે આ વિસ્તારના પરિવારો જેવો ખૂબ જ નબળી પરિસ્થિતિના હોય તેમને મકાન વહેંચવા મજબૂર થવું પડે છે. જો ખરેખર અશાંત ધારો લાગેડ હોયતો આ મકાનના દસ્તાવેજો અથવા બહાનાખત થઈ જાય છે અને જયારે બાજુમાં રહેવા આવે ત્યારે ખબર પડે કે આ મકાન વેચાઈ ગયું છે. આવી પરિસ્થિતિમાં નાના પરિવારો સહિત મોટા મોટા મકાનો ધરાવતા પરિવારોને પણ ખૂબ જ મુશ્કેલી ઊભી થાય છે અને ધીમે ધીમે આ વિસ્તાર સાવ ખાલી થઈ રહ્યો છે. ત્યારે આના માટે અનેક વાર તંત્રને પણ આ વિસ્તારના રહીશો દ્વારા જાણ કરવામાં આવેલી છે છતાં પણ મકાનો વહેંચાઈ રહ્યા છે. ત્યારે હા કોની મીલી ભક્તિથી થઈ રહ્યું છે. તે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે આવી જ રીતે અમરેલી શહેરની અંદર ઘણા બધા હિન્દુ વિસ્તારો ખાલી થઈ રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા કોઈ જાતના પગલાં લેવામાં આવતા નથી અને જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા આ દરેક વિસ્તારોમાં ધ્યાન આપવામાં નહીં આવે તો તમામ તમામ હિન્દુ ભાઈઓ સાથે મળીને મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી રજૂઆત કરવા જશે. તેમ અહીં આ વિસ્તારના રહીશો દ્વારા જણાવેલ છે. આ બેઠકમાં આ વિસ્તારના તમામ હિન્દુ ભાઈઓ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય મજદૂર પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી રાષ્ટ્રીય છાત્ર પરિષદ પ્રાંત મંત્રી તેમજ અમરેલી જિલ્લા રાષ્ટ્રીય બજરંગ દળ મંત્રી મજબૂત સિંહ બસીયા. તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ અને આ વિસ્તારના વડીલ અગ્રણી નનુભાઈ તળાવીયા અને આ વિસ્તારના નગરપાલિકા સદસ્ય અશ્વિનભાઈ વાઢેર તેમજ દિનેશભાઈ સાવલિયા એડવોકેટ દડુભાઈ ખાચર અને બહોળી સંખ્યામાં આ વિસ્તારના રહેશો જોડાયા હતા.

# રાજુલા ખાતે બાપા સીતારામ મઢુલી જીર્ણોધ્ધાર નિમિતે શ્રી રામકથા યોજાશે



રાજુલા, તા. ૧૫

રાજુલાના ભેરાઈ રોડ આવેલા મીરાનગર ખાતે બગડેશ્વર મહાદેવ સાનિધ્ય બાપા સીતારામ ગુરૂ આશ્રમ દ્વારા બાપા સીતારામ મઢુલી જીર્ણોદધાર નિમિત્તે ભવ્ય શ્રીરામકથાનું ભવ્ય આયોજન. આગામી પરમ પૂજય જલારામ બાપાની જયંતીના દિવસેથી તા.૨૯/૧૦/૨૦૨૫ થી તા. ૬/૧૧/૨૦૨૫ સુધી યોજાનાર આ કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ સુધી રહેશે. જયારે વ્યાસપીઠ બિરાજમાન રવિરામ બાપુ હરિયાણી રાભડાવાળા પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવશે. કથાના પ્રારંભે બપોરે ૨:૩૦ કલાકે કેસરીનંદન હનુમાનજી મંદિર, માર્કેટિંગ યાર્ડ પાસેથી પોથીયાત્રા યોજાશે. આ કથા દરમિયાન ભજન, ધૂન–કીર્તન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમજ કથામાં આવતા પ્રસંગોમાં તા. ૩૧ ના રોજ શિવવિવાહ, તા.૧ ના રોજ શ્રી રામ જન્મોત્સવ, તા.૩ ના રોજ શ્રીસીતારામ વિવાહ, તા.૪ ના રોજ પાદુકા પૂજન તથા ભરતમિલાપ તા.૫ ના રોજ હનુમંતચરિત્ર, તા.૬ ના રોજ શ્રીરામેશ્વર પૂજન અને શ્રીરામ રાજયાભિષેક જેવા પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે. તા. ૬ ના રોજ કથા વિરામ થશે. બગડેશ્વર મહાદેવ સાનિધ્ય બાપા સીતારામ ગુરૂ આશ્રમ મીરાનગર ખાતે પ્રથમ વખત કથા યોજાઈ રહી હોવાથી ભક્તોમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ કથા દરમ્યાન નવ દિવસ સુધી બપોરના બાપાનો મહાપ્રસાદ પણ રાખવામાં આવેલ છે. શુભસ્થળ રાજુલા ગુરૂઆશ્રમ બાપા સીતારામ મીરાનગર ભેરાઈ રોડ રાજુલા ખાતે રાખવામાંમાં આવેલ છે. ત્યારે તમામ ધર્મપ્રેમી જનતાને આ કથાનું રસપાન કરવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### દરરોજ સાંજે ટીવી ડિબેટમાં જોવા મળતા

# અમરેલીનાં વતની અને પ્રદેશ ભાજપનાં પ્રવકતા શૈલેષ પરમારનો આજે જન્મદિવસ

**મિત્રો, શુભેચ્છકો દ્વારા મો. ૯૪૨૭૫ ૫૬૭૦૯ ઉપર અભિનંદન વર્ષા**



અમરેલી, તા. ૧૫

પ્રદેશ ભાજપ મીડિયા ટીમના સદસ્ય અને ડિબેટ પ્રવકતા શૈલેષ પરમારનો આજે ૪૯મો જન્મ દિવસ તેઓ સાદાઈથી જરૂરિયાતમંદ બાળકો સાથે ઉજવશે. તેઓએ મિકેનિકલ એન્જિનિયર સાથે એલ.એલ.બી. અને માસ્ટર ઓફ જર્નાલીઝમ સુધીનો અભ્યાસ કરેલ છે તેઓનું વતન અમરેલી છે અને હાલ ગાંધીનગર ખાતે સ્થાઈ થયા છે તેઓનું રાજકીય જીવન સફરમાં અમરેલી જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિમાં ચેરમેન અને પ્રદેશ ભાજપ અનુજાતી મોરચામાં પ્રદેશ મંત્રીની જવાબદારી સંભાળી હતી. તેમજ સહકારી ક્ષેત્રમાં શૈલહરી ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી લી.માં પણ ચેરમેન તરીકે સેવા આપે છે જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપમાં પણ લાંબા સમયથી કાર્ય કરે છે. પંચાયત ક્ષેત્રે કામગીરીના કારણે ગ્રામીણ જીવનના પ્રશ્નો માટે સતત કામ કરતા રહ્યા છે તેઓ ટીવી ડીબેટમાં સરકારની બાબતને આંકડાઓ સાથે ખૂબ અભ્યાસ પૂર્ણ વાત રજુ કરવામાં સફળ રહ્યા છે. જયારે વર્ષ ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ એટલે કે રોકડ નાણાંનો ઉપયોગના કરવાના અભિગમને સાર્થક કરવા તેઓએ પોતે વર્ષ ૨૦૧૭માં પૂર્ણ કેશલેસ રહેવાનું નક્કી કર્યુ ત્યારથી તેઓ ''કેશલેસ મેન''થી જાણીતા બન્યા હતા તેઓના નંબર ૯૪૨૭૫૫૬૭૦૯ ઉપર મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

# ભૈ વાહ : અમરેલી અને કુંકાવાવ પંથકમાં ૯.૩૦ કરોડથી વિકાસ કાર્યો કરાશે

**જુદા–જુદા ૧૧ પ્રકારના કાર્યો કરવામાં આવશે**



અમરેલી, તા. ૧૫

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ પોતાના મત વિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના અમરેલી તાલુકાના માલવણ વિલેજ પોર્શન, કેરીયાનાગસ વિલેજ પોર્શન, કમીગઢ વીલેજ પોર્શન, સરંભડાપરા એપ્રોચ રોડ અને કુંકાવાવ રોડ, સણોસરા તાલુકાના તરઘરીથી ખજુરીપીપળીયા, જુના બાદનપુર બાંભણિયા રોડ, હનુમાન ખીજડીયા, ચારણ સમઢીયાળ બરવાળા બાવીશી રોડ, અમરાપુર બરવાળા બાવીશી રોડ, દેવગામ સારીંગપુર બળેલપીપરીયા રોડ, જીથુડી ગામે બસસ્ટેન્ડથી ખોડિયાર પ્લોટમાં જવાનો રસ્તાના નવા સ્ટ્રક્ચર/સ્લેબડ્રેન/પ્રોટેક્શન વોલના કુલ ૧૧ કામો રૂા.૯.૩૦ કરોડના ખર્ચે ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની જનતાને પડતી મુશ્કેલીમાંથી મુક્તિ મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### આયોજન અર્થે અમર ડેરી ખાતે બેઠક યોજાઈ

# અમરેલી ખાતે આગામી ૨૧ સપ્ટેમ્બરનાં રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું આગમન

**મોટી સંખ્યામાં ખેડૂતો, સહકારી અગ્રણીઓ જોડાયા**



અમરેલી, તા. ૧૫

આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમર ડેરી અમરેલી, જિલ્લા સહકારી સંઘ સહિતની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાનાર છે. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સહકારી સંસ્થાઓની આ વાર્ષિક સાધારણ સભા કાર્યક્રમના આયોજન માટે અમર ડેરી ખાતે ભાજપના પદાધિકારીઓ અને સહકારી અગ્રણીઓની એક વિશેષ બેઠક મળી હતી. આ બેઠક દરમિયાન સભા સંચાલનથી લઈને આયોજનની નાનામાં નાની બાબતો પર ચર્ચા કરી આગેવાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાના આ મહાકુંભમાં ખેડૂતો, સહકારી સભ્યો, પ્રતિનિધિઓ અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે. સહકારી સંસ્થાના આ મહાકુંભમાં મુખ્યમંત્રીની હાજરીથી સહકારી ક્ષેત્રને નવી પ્રેરણા મળશે. તેમજ સંસ્થાઓના આગામી વિકાસ માટે માર્ગદર્શન મળશે.

# નાના આંકડિયામાં રૂ. ૨ કરોડના ખર્ચે બનેલા બ્રિજનું લોકાર્પણ



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના નાના આંકડિયા ગામમાં વિકાસની દિશામાં મહત્વપૂર્ણ સુવિધા પ્રાપ્ત થઈ છે. અહીં અંદાજિત રૂ. ૨ કરોડના ખર્ચે બનેલા નવા બ્રિજનું આજે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. આ અવસરે મુખ્ય અતિથિ તરીકે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા ઉપસ્થિત રહ્યા હતા.

લોકાર્પણ સમારંભમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો અને સ્થાનિક પ્રતિનિધિઓ જોડાયા હતા. સાંસદ ભરત સુતરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે આ બ્રિજના નિર્માણથી નાના આંકડિયા અને આસપાસના ગામોના લોકોને મોટા પ્રમાણમાં રાહત મળશે. ખાસ કરીને વરસાદી મોસમમાં આવનજાવન સરળ બનશે અને ખેડૂતોને પોતાના કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં પણ સહાય મળશે.

તેમણે ઉમેર્યુ કે કેન્દ્ર અને રાજય સરકાર બંને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને આવનારા સમયમાં પણ આ પ્રકારના મહત્વપૂર્ણ પ્રોજેકટસને પ્રાથમિકતા આપવામાં આવશે.

ગામલોકોએ નવા બ્રિજના નિર્માણથી ખુશી વ્યકત કરી હતી અને સાંસદ તથા તંત્રનો આભાર માન્યો હતો. આ બ્રિજ નાના આંકડિયા સહિત આસપાસના વિસ્તારો માટે વિકાસની નવી દિશા સાબિત થવાનો વિાસ વ્યકત કરવામાં આવ્યો છે.

### જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની માંગ

# કૃષિ રાહત પેકેજ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મર્યાદામાં ૭'દિ વધારો

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો**


ઓનલાઈન ફોર્મ ભરવાની વેબસાઈટ

લીલીયા, તા. ૧૫

જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકારા દ્વારા ખેડૂતોનાં હિતમાં ઓકટોબર–૨૦૨૪ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ, જે રાહત પેકેજના ફોર્મ ગામના વીસીઈ મારફત ગ્રામ્ય કક્ષાએ ઓનલાઈન ભરવામાં આવે છે પરંતુ ગામડામાં નેટવર્ક તથા ચાલુ બંધ તથા સર્વર ડાઉન રહેવાના કારણે ઘણા ગામોમાં ફોર્મ ભરવાની કામગીરી બાકી છે જેના કારણે સરકાર દ્વારા ખેડૂતોના મદદરૂપ થવાના હેતુથી રાહત પેકેજ જાહેર કરેલ છે તે હેતુ સાર્થક નહીં થાય જેથી જગતના તાત ખેડુતના હિતમાં ઓકટોબર–૨૦૨૪ કૃષિ રાહત પેકેજની ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદામાં દિન–૭ વધારવા અંતમાં માંગ કરેલ છે.

## બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલ વસ્તરપરા આયોજિત

# ગાંધીનગર ખાતે સરદાર સન્માન યાત્રાનું ઐતિહાસિક સ્વાગત

**સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે બારડોલીથી સોમનાથ સુધીની યાત્રા પાટનગર ખાતે આવી પહોંચી**

**રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે સરદારને વંદના કરી**

**ગાંધીનગરમાં ઠેકઠેકાણે સરદાર સન્માન યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરાયુ**

**રાજવી પરિવારોનું સન્માન મુખ્યમંત્રી અને યાત્રાનાં આયોજક વસ્તરપરા પરિવાર દ્વારા કરાયુ**



અમરેલી, તા. ૧૫
અખંડ ભારતના શિલ્પી એવા સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી અંતર્ગત બારડોલીથી સોમનાથ સુધીની યાત્રા યોજાઈ છે તે ગાંધીનગરમાં આવી પહોંચી હતી. આ યાત્રાના સંયોજક ગોપાલભાઈ ચમારડીના નેતૃત્વમાં નીકળેલ. આ યાત્રા ગાંધીનગરમાં પ્રવેશતા જુદા જુદા સ્થાનો પર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતને પ્રથમ રજવાડું સમર્પિત કરનાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલની પ્રતિમા કે જે રાદેસણ વિસ્તારમાં આવી છે ત્યાં રથયાત્રાના સંયોજક ગોપાલભાઈ દ્વારા ફૂલહાર કરવામાં આવ્યા હતા. સમગ્ર રાજપૂત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરદાર યાત્રાનું સન્માન કર્યું હતું. આ યાત્રા કુડાસણ આવી ત્યારે સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરી ત્યાં પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘ-૧, ૨ થી ઘ-૩ ની વચ્ચે એસેસવી સ્કૂલ તથા જે.એમ. ચૌધરી સ્કૂલના વિદ્યાર્થીઓએ માનવ સાંકળ બનાવીને યાત્રાનું સન્માન કર્યું હતું.

ઉમિયા માતા સંસ્થાન ખાતેના કાર્યક્રમમાં મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ થયો હતો. જેમાં કેબિનેટ મંત્રી રાઘવજી ભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા, સાંસદ

અનુસંધાન પાના ૬ ઉપર

## શિવ મંદિરનાં પુજારીનાં મકાનનાં ફળિયામાં દીપડો દેખાયો

# સાવરકુંડલા પંથકનાં આંબરડીમાં સિંહોનુ સામ્રાજય છતાં દીપડાનુ થયુ આગમન

**પાળેલા શ્વાને ભસવાનુ શરૂ કરતા દીપડો નાસી છુટયો**



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

આંબરડી, તા. ૧૫
સાવરકુંડલાનાં આંબરડી પંથક આમ તો સિંહોના વાસવાટ તરીકે જાણીતો છે પરંતુ મોડી સાંજે શિવ મંદિરના પુજારી નિત્યાનંદબાપુનાં મકાનનાં ફળિયામાં દીપડાનુ આગમન થતાં પાલતુ શ્વાને ભસવાનુ શરૂ કરતા દીપડો નાસી છુટયો હતો સમગ્ર દ્રશ્ય કેમેરામાં કેદ થું છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# ખાંભા : નવા માલકનેશ ગામે થયેલ હત્યા કેસનાં 3 આરોપીને ઝડપી લેવાયા

**આરોપીઓ સ્થાનિક ગામનાં હોવાનુ ખુલ્યુ**



ખાંભા, તા. ૧૫
ખાંભાનાં નવા માલનેશ ગામનાં યુવક મેહુલની હત્યા કરવાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ચાલુ મૌસમમાં સૌપ્રથમ વખત

# અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન ખોડીયાર જળાશય છલોછલ

**એક દરવાજો અઢી સેમી ખોલાયો**



અમરેલી, તા. ૧૫
અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોની જીવાદોરી સમાજ ખોડિયાર જળાશય આજે ચાલુ મૌસમમાં સૌપ્રથમ વખત છલોછલ થતાં એક દરવાજો અઢી સેમી ખોલવામાં આવ્યો છે.















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)